

✻ બંધ–મોક્ષના પરિણામથી શૂન્ય ને તેના કારણથી પણ શૂન્ય એવી ત્રિકાળી વસ્તુ તે હું છું. આવો સ્વીકાર આવવો તે જ પુરુષાર્થ છે. પૂર્ણાનંદનો નાથ, રાગ ને વિકાર રહિત, મોક્ષમાર્ગ ને મોક્ષની પર્યાય રહિત, એક અખંડ જ્ઞાયકરસનો પિંડ ત્રિકાળી વસ્તુ તે જ હું છું—એમ સ્વ-વસ્તુની મહિમા પૂર્વક તેનો સ્વીકાર આવવો તે જ સમ્યક્-પુરુષાર્થ છે, સમ્યગ્દર્શન છે. —સ્વાનુભવપ્રેરણામૂર્તિ માર્ગપ્રકાશક પૂજ્ય ગુરુદેવશ્રી

કહાન સં. ૧૩
વિ. સં. ૨૦૪૯ (૫૯૬) ✻ આત્મધર્મ ✻ (અંક-૧૨
વર્ષ-૪૯) વીર સં. ૨૫૧૯
જૂન, ૧૯૯૩

# 卐 આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો 卐

* હે પ્રભો ! હે જિનેન્દ્ર ! સમસ્ત વસ્તુઓ કે સમૂહમેં જો મનુષ્ય હેય તથા ઉપાદેયકો દેખનેવાલા હૈ ઉસ પુરુષકી દૃષ્ટિમેં "પરમાત્મા આપ હી સાર હૈ" ઔર આપસે ભિન્ન જિતને ભર પદાર્થ હૈં વે સમસ્ત સુખે તૃણકે સમાન અસાર હૈં. ૩૪૬.

(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, ઋષભજિન સ્તોત્ર, ગાથા–૫૫)

* જે (પર્યાયો) અદ્યાપિ ઉત્પન્ન થયા નથી તથા જે ઉત્પન્ન થઈને વિલય પામી ગયા છે, તે (પર્યાયો), ખરેખર અવિદ્યમાન હોવાં છતાં, જ્ઞાન પ્રતિ નિયત હોવાથી (જ્ઞાનમાં નિશ્ચિત-સ્થિર-ચોંટેલા હોવાથી, જ્ઞાનમાં સીધા જણાતાં હોવાથી) જ્ઞાનપ્રત્યક્ષ વર્તતા થકાં, પથ્થરના સ્તંભમાં કોતરાયેલાં ભૂત અને ભાવિ દેવોની (તીર્થંકરદેવોની) માફક પોતાનું સ્વરૂપ અકંપપણે (જ્ઞાનને) અર્પતા એવા (તે પર્યાયો) વિદ્યમાન જ છે. ૩૪૭. (શ્રી અમૃતચંદ્રાચાર્ય, પ્રવચનસાર–ટીકા, ગાથા–૩૮)

* જ્ઞાન દૂરવર્તી પદાર્થોને—ક્ષેત્ર–કાળાદિની દૃષ્ટિએ દૂર સ્થિત પદાર્થોને—સમૂહને પણ સ્વભાવથી જાણે છે. શું લોહચુંબક દૂર રહેલ લોઢાને પોતાની તરફ ખેંચતું નથી? ખેંચે જ છે. ૩૪૮.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર-પ્રાભૃત, અધિ.–૧, ગાથા–૨૩)

* જીવદ્રવ્યના નિપજાવેલા જે એક ચેતનમય પરિણામ છે તે પરિણામે જ પોતામાં સંસારભાવ—અશુદ્ધભાવ રચ્યો છે તેથી જીવના પરિણામ સંસારભાવના–અશુદ્ધભાવના કર્તા થાય છે. પરંતુ જીવદ્રવ્ય કયારેય કર્તા થતું નથી એ નિઃસંદેહ છે. પરંતુ એક વાત છે કે જીવના જે પરિણામ તે સંસારના કર્તા થયા છે તે પરિણામ આ જીવદ્રવ્યના છે તેથી વ્યવહાર-નયથી જીવદ્રવ્યને પણ કર્તા કહેવામાં આવે છે. ૩૪૯.

(શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું–૧૨૪)

કહાન
સંવત-૧૩
વર્ષ-૪૯
અંક-૧૨
[ ૫૮૬ ]




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

વીર
સંવત
૨૫૧૯
સં. ૨૦૪૯
JUN
A. D. 1993

# નવ તત્ત્વમાં રહેલો જીવ નવ તત્ત્વથી પાર છે

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૧૯ )

શ્રી નાટક સમયસાર શાસ્ત્રના જીવદ્વારનો આ ૯ મો શ્લોક લેવાનો છે.

जैसैं बनवारीमैं कुधातके मिलाप हेम,
नानाभांति भयौ पै तथापि एक नाम है ।
कसिकै कसौटी लीकु निरखै सराफ ताहि,
बानके प्रवान करि लेतु देतु दाम है ॥
तैसैं ही अनादि पुदगलसौं संजोगी जीव,
नवतत्त्वरूपमें अरूपी महाधाम है ।
दीसै उनमानसौं उद्योतवान ठौर ठौर,
दूसरौ न और एक आतमा ही राम है ॥९॥

જેમ સોનું કથીર, ચાંદી, પિત્તળ આદિ સહિત અશુદ્ધ હોય તેને શુદ્ધ કરવા માટે કુલડીમાં નાંખીને તાપ દેવામાં આવે છે તો તેરવલું, ચૌદવલું, સોળવલું આદિ સોનાની અનેક અવસ્થા થાય ને છતાં તે દરેક વખતે તેનું નામ સોનું જ છે. વસ્તુ તરીકે સોનું તો દરેક અવસ્થામાં સોનું જ છે. તે સોનાને સરાફ કસોટી ઉપર કસીને તેની રેખા જુએ છે અને તેની ચમક અનુસાર સોનાનો ભાવ નક્કી કરે છે. આ તો દૃષ્ટાંત

થયું. તેનો સિદ્ધાંત એ કે, આ અરૂપી મહા દીપ્તિવાળો જીવ અનાદિકાળથી પુદ્‌ગલના સમાગમમાં નવતત્ત્વરૂપ દેખાય છે પણ વસ્તુ તરીકે જીવ તો સદા એકરૂપ જ છે તે અનુમાન પ્રમાણથી બધી હાલતોમાં જ્ઞાનસ્વરૂપ એક આત્મારામ જ છે, બીજું કાંઈ નથી એમ નક્કી થાય છે.

સર્વજ્ઞ પરમાત્મા જિનેશ્વરદેવે શુદ્ધ ચૈતન્ય આનંદસ્વરૂપ આત્માને જ આત્મા કહ્યો છે. ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન આનંદનું ધામ છે પણ અનાદિકાળથી કર્મ અને અન્ય પુદ્‌ગલના સંયોગમાં રહેલો છે તેથી નવતત્ત્વરૂપ દેખાય છે. પર્યાયમાં નવતત્ત્વરૂપ દેખાય છે તે જ આત્મા દ્રવ્યે અરૂપી મહા આનંદમૂર્તિ સદાય એકરૂપે રહ્યો છે.

નવ તત્ત્વ કયા?—જીવસંબંધી વિકલ્પ તે જીવ, અજીવ સંબંધી વિકલ્પ તે અજીવ, દયા-દાન, વ્રત, ભક્તિના પરિણામ તે આસ્રવ અને તેમાં રોકાવું તે બંધ તત્ત્વ છે. આ આસ્રવનો અભાવ કરીને સ્વભાવના આશ્રયે ધર્મ પ્રગટ થાય તે તત્ત્વ છે, શુદ્ધિમાં વૃદ્ધિ થાય તે નિર્જરાતત્ત્વ છે અને શુદ્ધિની પૂર્ણતા થાય છે તે મોક્ષ છે. આ બધી પર્યાય છે. પુદ્‌ગલકર્મના નિમિત્તે પર્યાયમાં આસ્રવ, બંધ, પુણ્ય-પાપ આદિ મલિન પર્યાય અને તેનો અભાવ થઈને સંવર, નિર્જરા, મોક્ષરૂપ નિર્મળ પર્યાય દેખાય છે. પર્યાયમાં નવતત્ત્વ દેખાય છે પણ વસ્તુમાં એવા નવ ભેદ નથી. સોના તરીકે સોનું...સોનું... સોનું જ છે તેમ વસ્તુ તરીકે આત્મા અરૂપી આનંદઘન છે તેની દૃષ્ટિ કરતાં પર્યાયમાં ધર્મ પ્રગટ થાય છે તે સિવાય બહારથી ક્યાંયથી ધર્મ પ્રગટ થતો નથી.

વસ્તુ તરીકે આત્મા એકરૂપ ત્રિકાળી જ્ઞાન-આનંદઘન છે, એવું જ તેનું ત્રિકાળી સ્વરૂપ છે, તેમાં કર્મના સંબંધે નવ ભેદરૂપ અવસ્થા દેખાય છે છતાં તેને એકરૂપ જુઓ તો તેમાં ભેદ છે જ નહિ. અરૂપી શુદ્ધ જ્ઞાન...જ્ઞાન...જ્ઞાન...આનંદ અનાદિ અનંત જ્ઞાન આનંદસ્વરૂપ આત્મા એકરૂપ છે તે નિશ્ચય છે. પર્યાયમાં નવપ્રકાર દેખાય છે તે વ્યવહાર છે.

જેને ધર્મ કરવો છે, ચોરાશીના અવતાર-જન્મ-મરણનો નાશ કરવો છે તેણે શું કરવું એ કહેવાય છે. આત્મા પોતે અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે. બહારમાં પૈસાથી, કુટુંબથી અને આબરૂ આદિથી આનંદ માને છે એ તો કલ્પિત આનંદ છે. એ આનંદ નહિ પણ દુઃખ છે. એવી દુઃખરૂપ અવસ્થા જીવની પર્યાયમાં થાય છે પણ તે કાંઈ જીવનું સ્વરૂપ નથી. એ વિકારરૂપ જીવની અવસ્થા છે અને ધીરજથી વસ્તુનો આશ્રય લેતાં જે ધર્મદશા પ્રગટ થાય છે તેના ત્રણ પ્રકાર છે: સંવર, નિર્જરા અને મોક્ષ.

સંવર એટલે શુદ્ધિની ઉત્પત્તિ, નિર્જરા એટલે શુદ્ધિની વૃદ્ધિ અને મોક્ષ એટલે શુદ્ધિની પૂર્ણતા. આમ શુદ્ધ અને અશુદ્ધ અવસ્થા જીવની દશામાં છે પણ તે વ્યવહાર છે.

શેઠ! આ તમારો વેપાર એ તો વ્યવહાર પણ નથી એમ કહે છે. એ તો જડ-પરદ્રવ્યના ખાતામાં ગયો. ધંધાની ક્રિયા એ આત્માનો વ્યવહાર નથી.

"આત્મા તો એ છે કે જે ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્માએ જગતને બતાવ્યો છે—પ્રસિદ્ધ કર્યો છે. જેમ સોનાને તાપ દેતાં કથીર ઘટતું જાય છે અને સોનું નિર્મળ થતું જાય છે એ અપેક્ષાએ તેની દશામાં ભેદ પડતાં દેખાય છે પણ સોના તરીકે તો સોનું સોનારૂપે જ છે તેમ, અનંત અનંત જ્ઞાન-દર્શનાદિસ્વરૂપે બિરાજમાન મહાપ્રભુને સંસાર અવસ્થામાં નિમિત્તના સંબંધે હિંસા, જૂઠ આદિ પાપ પરિણામ, અહિંસા, સત્ય આદિ પુણ્યપરિણામ, શુભ-અશુભ બંનેરૂપ આસ્રવભાવ, બંધભાવ અને ધર્મ પ્રગટ થયા પછી પૂર્ણ ન થાય ત્યાં સુધી શુદ્ધિ અને શુદ્ધિની વૃદ્ધિરૂપ સંવર, નિર્જરાભાવ આત્માની દશામાં દેખાય છે પણ તે જ વખતે વસ્તુ તરીકે જુઓ તો આત્મા એકરૂપ જ છે.

જુઓ! એક આત્મામાં બે પ્રકાર કહ્યાં છે. પરદ્રવ્ય તો પરમાં જ છે એટલે શરીર શરીરમાં છે અને કર્મ કર્મમાં છે. તે જીવમાં નથી પણ જીવના પોતાના બે ભાગ છે તેમાં એક પર્યાયભાગ છે જેમાં નવપ્રકારની દશા દેખાય છે તે બધો વ્યવહાર છે. હું જીવ છું એવો વિકલ્પ, અજીવ મારામાં નથી એવો વિકલ્પ, શુભ-અશુભભાવ, આસ્રવ અને બંધ એ વિકારી દશાઓ છે અને વસ્તુસ્વભાવની દૃષ્ટિ કરતાં જે ધર્મની દશા પ્રગટ થાય તે નિર્વિકારી દશા છે એ બધી દશા વ્યવહાર છે કેમ કે તે વસ્તુનું ત્રિકાળીરૂપ નથી. નવી પ્રગટ થાય છે માટે અવસ્થા તે વ્યવહાર જીવ છે.

ભગવાન આત્મા ત્રિકાળ શુદ્ધ ચૈતન્યધાતુ છે તેની દશામાં પુણ્ય-પાપ અને આસ્રવ, બંધ આદિ થાય છે તે વ્યવહાર છે તેમ જ વસ્તુ જે ત્રિકાળી ધ્રુવ ધાતુ ચૈતન્ય તેના આશ્રયે જે શુદ્ધિ પ્રગટ થાય છે, શાંતિ અને આનંદ આદિ ધર્મનો અંશ પ્રગટ થાય છે તે પણ વ્યવહાર છે.

આત્માના સંબંધવાળી દશાને વ્યવહાર કહી છે. બાહ્યવ્યવહારની વાત નથી. એ વ્યવહારનું તો કોઈ સ્થાન જ નથી. એ વ્યવહાર તો આત્માનો વિષય જ નથી. આત્મા એક વસ્તુ છે માટે તે ત્રિકાળી છે કેમ કે, જે 'છે' તેની ઉત્પત્તિ કે નાશ ન હોય. જે 'વસ્તુ' હોય તે સ્વભાવ વિનાની ન હોય. વસ્તુનો સ્વભાવ તે 'નિશ્ચય' છે. ત્રિકાળી સ્વભાવવાળું તત્ત્વ તે "દ્રવ્ય" અથવા "વસ્તુ" અથવા "નિશ્ચય" છે અને તેની

ઉપાદેય:- અભ્યંતરઆ. યોગ. હેય: બાહ્યતરઆ. યોગ. નહીં. આદરણીય નથી.

વિકારી દશા તે અસદ્ભૂત વ્યવહાર છે અને "વસ્તુસ્વભાવના આશ્રયે જે ધર્મની— શાંતિ. આનંદની નિર્મળદશા પ્રગટ થાય છે તે સદ્ભૂત વ્યવહાર છે. "એક સમયનો પર્યાય પણ ભેદવાળો વ્યવહાર છે માટે તે "હેય" છે.

એકરૂપ ત્રિકાળી જ્ઞાયક ભગવાન આત્મા એક જ ઉપાદેય અને આદરણીય છે પણ અરે! એને પોતાના હિતના માર્ગની ખબર નથી. કદી હિતના માર્ગે ગયો નથી. રખડવાના રસ્તામાં બધાં હોશિયાર થઈ ગયા છે.

ત્રિલોકનાથ પરમાત્મા એમ ફરમાવે છે કે, ભાઈ! તારામાં બે પ્રકાર છે અને તે પરને કારણે નહિ અને પરથી નહિ પણ તારા કારણે જ થયેલી પુણ્ય-પાપ, આસ્રવ, બંધની પર્યાય અને તારા આશ્રયે થયેલી સંવર-નિર્જરાની પર્યાય એ વ્યવહાર છે માટે તે આદરણીય નથી. નવેય પર્યાય વ્યવહાર છે, આદરણીય નથી પણ હેય છે. નવપર્યાયરૂપ અવસ્થા છે, નથી એમ નથી, પણ વસ્તુની દૃષ્ટિએ જુઓ તો આત્મા એકરૂપ...એકરૂપ ...એકરૂપ પૂર્ણ શુદ્ધ છે.

અરે, એને હું કોણ છું એની ખબર નથી. આ વાત કોઈ'દિ સાંભળી નથી. ક્યાં પહોંચવું છે, કેમ જવાય, કેમ રહેવાય તેની ખબર નથી...જિંદગી વ્યર્થ ચાલી જાય છે. આ ધનાદિની અનુકૂળતા દેખાય છે, એ પણ પૂર્વના પુણ્ય બળી ગયા ત્યારે આવી છે, કાંઈ વર્તમાન પુરુષાર્થથી આવી નથી. એ પૈસા પોતાની નજીકમાં આવ્યાં છે એટલું જ, પોતાની અંદર તો માત્ર તેની મમતા આવી છે, પૈસા તો પૈસામાં રહ્યાં છે.

અહીં કહે છે કે, જ્ઞાનીને જ્યાં સુધી પૂર્ણતા ન થાય ત્યાં સુધી તેની દશામાં પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ હોય છે અને સ્વભાવના આશ્રયે પ્રગટેલી શુદ્ધિ અને નિર્વિકલ્પતામાં આનંદના અંશો પ્રગટ થાય છે તે બધી દશાઓ હોય છે અને પૂર્ણ થાય ત્યારે પૂર્ણદશા હોય છે પણ તે વ્યવહાર છે. ભેદ પડે છે માટે તે વ્યવહાર છે. અભેદ શાશ્વત નિજ વસ્તુ તે નિશ્ચય છે.

આત્મા, ધ્રુવ તરીકે અનાદિ-અનંત એકરૂપ વસ્તુ છે, તેની દૃષ્ટિ કરતાં—તેની સન્મુખતા અને રાગાદિથી વિમુખતા કરીને અંતરદૃષ્ટિ કરતાં તેની દશામાં સમ્યગ્દર્શન-જ્ઞાન, સ્થિરતા, આનંદ, શાંતિ આદિ ધર્મની શરૂઆત થાય છે તે આત્માની દશા છે પણ, આત્માનું ત્રિકાળીરૂપ નથી માટે તે વ્યવહાર છે. સિદ્ધદશા પ્રગટ થાય એ પણ નવી થાય છે, "ત્રિકાળી નથી," ત્રિકાળીનો એક "અંશ" છે માટે તે વ્યવહાર છે.

જેમ સોનાને અગ્નિનો તાપ દેતાં સોનાની અવસ્થામાં લાલ-પીળો આદિ અનેક રંગો દેખાય છે તેમ ભગવાન આત્મામાં કર્મના નિમિત્તના સંબંધમાં પુણ્ય-પાપ આદિ

વિકારી અવસ્થા અને કર્મના છૂટવાના નિમિત્તમાં સંવર નિર્જરા આદિ નિર્મળ અવસ્થા દેખાય છે, પૂર્ણ શુદ્ધ થાય ત્યારે મુક્તિ દેખાય છે પણ તે બધી નવી નવી થતી અવસ્થા છે, વસ્તુનું ત્રિકાળીરૂપ નથી.

અહા ! એને પોતાના સ્વરૂપની ખબર નથી. બહારમાં ડાહ્યો માણસ ગણાતો હોય, વાત કરવા બેઠો હોય તો આખી દુનિયાની વાતો કરે પણ એને પોતાના ખરાં સ્વરૂપની ખબર જ નથી. તેને અહીં ગુરુ કહે છે કે ભાઈ! એકવાર તારા સ્વરૂપની વાત સાંભળ તો ખરો! તારી અસ્તિ બે પ્રકારે છે : એક વસ્તુ તરીકે તારી અસ્તિ છે અને એક દશારૂપે તારી અસ્તિ છે.

ભગવાન આત્મા અવિનાશી આનંદ અને જ્ઞાનનું ધામ છે, મહાવસ્તુ છે, એકરૂપ છે, તે નિશ્ચયનો વિષય છે. અરૂપી મહાદીપ્તિવાન-ચૈતન્યના પ્રકાશનું નૂરનું પૂર છે. તે તું છો હો ! આ મહાદીપ્તિવાન જીવ અનાદિકાળથી કર્મપુદ્ગલના સમાગમથી નવતત્ત્વરૂપ દેખાય છે, ભેદરૂપ દેખાય છે, પરંતુ અનુમાન પ્રમાણથી બધી હાલતોમાં તે જ્ઞાનસ્વરૂપ એક આત્મારામ સિવાય બીજું કાંઈ નથી.

અનુમાન પ્રમાણથી જુઓ તો જીવની બધી દશામાં જ્ઞાન...જ્ઞાન...જ્ઞાનની ચમક ત્રિકાળ છે. તેને જો !

પાત્રતા હોય તેને આ વાત રુચિ જાય છે. મારગ તો આ જ છે એમ પહેલાં સમજમાં તો લ્યે ! લોકો દયા, દાન, વ્રત, વર્ષીતપ આદિમાં ધર્મ માનીને બેઠા છે. અરે ! એને ક્યાં જવું છે અને કયા મારગમાં અટકી પડ્યો છે !

"ભાઈ ! તું એકરૂપ ત્રિકાળી દ્રવ્ય છો તેનું એકવાર અનુમાન તો કર." નવતત્ત્વના ભેદ છે એ તો દશામાં છે, વ્યવહારનો વિષય છે—વર્તમાનનયનો વિષય છે પણ ત્રિકાળીનયથી અંતરમાં જો તો એકલો ચિત્શક્તિનો ચમત્કાર...ચિત્શક્તિનો ચમત્કાર ત્રિકાળ છે.

**दीसै उनमानसौं उदोतवान ठौर ठौर** જ્યાં જ્યાં જોઉં ત્યાં આત્મા ચૈતન્ય ચમત્કારથી જાણનાર...જાણનાર...જાણનાર છે. રાગને જાણનાર, આસ્રવને જાણનાર, બંધને જાણનાર, સંવર, નિર્જરા અને મોક્ષનો પણ જાણનાર છે. જાણનાર સદાય સર્વને જાણનાર છે. "એક આત્મારામ સિવાય બીજું કાંઈ નથી. એટલે જ્ઞાન...જ્ઞાન...જ્ઞાન સ્વરૂપ છે તેમાં કોઈ ભેદ નથી."

લોકોને આ અભ્યાસ નહિ એટલે કઠણ પડે. પોતાની જાતને કદી જોઈ તો નથી પણ કેમ જોવી એ પણ ખબર નથી.

એક ચિદ્રુપ આત્મારામમાં શરીર, વાણી, મન, આબરૂ, પૈસા આદિ તો નથી પણ આ આસ્રવ સંવર આદિ નવભેદ પણ તેમાં નથી. અહો! આ વીતરાગદર્શનનું માખણ છે.

આત્મારામ...આત્મારામ...આનંદ...આનંદ ત્રિકાળ અતીન્દ્રિય આનંદનું ઢીમ છે તે આત્મા છે. અતીન્દ્રિય જ્ઞાનનો ખજાનો છે. પર્યાય તારો વ્યવહાર છે અને દ્રવ્ય તારો નિશ્ચય છે. જુઓ! સંવર, નિર્જરા અને મોક્ષ પણ વ્યવહાર છે.

ભાવાર્થ :—જ્યારે આત્મા અશુભભાવમાં વર્તે છે ત્યારે પાપતત્ત્વરૂપ થાય છે. હિંસા, જૂઠ, ચોરી આદિ પાપભાવ છે. દયા, દાન, સત્ય, અચૌર્ય આદિ પુણ્યભાવ છે. આ બંને પ્રકારના રાગથી હટીને સ્વભાવમાં એકાગ્ર થાય ત્યારે આત્મા સંવરરૂપ થાય છે. શમ એટલે સમતા. જેવો આત્માનો વીતરાગ સ્વભાવ છે તેવી જ વીતરાગતા પર્યાયમાં પ્રગટ થાય તેનું નામ સમતા છે. સમતા પ્રગટ થાય ત્યારે આત્મા આવરણથી મુક્ત થાય છે એટલે કે સંવર થાય છે.

પુણ્ય-પાપના વિકલ્પમાં વર્તતો જીવ આસ્રવરૂપ થાય છે અને પુણ્ય-પાપના રાગમાં અટકતો જીવ ભાવબંધરૂપ થાય છે અને જ્યારે આ શરીર મારું, પૈસા મારાં, મકાન મારું એમ જડ પદાર્થોમાં અહંબુદ્ધિ કરે છે ત્યારે જડસ્વરૂપ થાય છે એટલે કે પોતાને જડ માને છે. અજ્ઞાની એમ માને છે કે, આ પૈસા છે તો ખર્ચી શકાય છે, પૈસા વગર જમણવાર થઈ શકે? ગરીબ માણસ કરી શકે છે! એમ માનતો તે જડનો સ્વામી થાય છે. ભાઈ! પૈસા પૈસાના કારણે આવે છે અને જાય છે. આત્મા તેમાં કાંઈ કરી શકતો નથી. એક આંખની પાંપણ ફેરવવી તે પણ આત્માનું કાર્ય નથી છતાં અજ્ઞાની પરના કાર્યનો કર્તા થાય છે તે પર્યાયમાં જડબુદ્ધિ થયો છે.

ખરેખર, શુદ્ધ અને અશુદ્ધ બધી દશામાં વસ્તુ તરીકે આત્મા નિર્વિકાર છે. સોનામાં ભેદ ન જોતાં સોનાને સોનારૂપે જુઓ તો સોનુ એકરૂપ છે તેમ, પર્યાયના ભેદને ન જોતાં ત્રિકાળી વસ્તુને જુઓ તો આત્મા આનંદધામ છે. જે દશામાં ભેદરૂપે વર્તે છે તે જ આત્મા વસ્તુએ અભેદ અને નિર્વિકાર છે પર્યાયમાં ભેદ છે. પણ વસ્તુ અભેદ છે.

હવે ૧૦ માં શ્લોકમાં સૂર્યના દૃષ્ટાંતે અનુભવની દશા વર્ણવે છે.

जैसैं रवि-मंडलके उदै महि-मंडलमैं,
आतप अटल तम पटल विलातु है ।
तैसैं परमातमकौ अनुभौ रहत जौलौं,
तौलौं कहूँ दुविधा न कहूँ पच्छपातु है ॥

नयकौ न लेस पखानकौ न परवेस,
निच्छेपके वंसकौ विधुंस होत जातु है।
जे जे वस्तु साधक हैं तेऊ तहां बाधक हैं,
बाकी राग दोषकी दसाकी कौन बातु है ॥१०॥

જેમ સૂર્યના ઉદયમાં ભૂમંડલ ઉપર તાપ ફેલાય જાય છે અને અંધકારનો લોપ થઈ જાય છે તેમ परमातमको अनुभौ रहत जौलौं, तौलौं कहूं दुविधा न कहूं पच्छपातु है। નિર્વિકલ્પ અનુભવમાં નયનો પક્ષ કે વિકલ્પ રહેતાં નથી, સમ્યગ્દર્શન અને જ્ઞાન પ્રગટ થાય છે, અતીન્દ્રિય આનંદ આવે છે. શુદ્ધ આત્માના અખંડ આનંદના અનુભવમાં હું દ્રવ્ય છું કે પર્યાય છું એવા બે ભેદ પણ રહેતાં નથી. પરમાતમાનો અનુભવ એટલે નવ ભેદસ્વરૂપ આત્માનો અનુભવ નહિ પણ ત્રિકાળી આત્માનું જેવું સ્વરૂપ છે તેવા અનુભવરૂપ પર્યાય—જેમાં સર્વ વિકલ્પ તૂટી જાય છે.

ચૈતન્ય સાહેબ જ્યારે પોતાના ઘરમાં પ્રવેશ કરે છે—નિર્વિકલ્પ અનુભવ કરે છે ત્યારે ત્યાં કોઈ વિકલ્પ કે ભેદ આદિનો પ્રવેશ નથી.

અનુભવ ચિંતામણિ રતન, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.

પોતાના ધ્રુવસ્વરૂપ આત્માના અનુભવમાં હું એક છું અને પર્યાયમાં અનેક ભેદ છે એવાં વિકલ્પો હોતા નથી. પણ આત્મામાં એકાગ્રતા થાય તેનું નામ અનુભવ છે. તેનું નામ ધર્મ છે. જેને હજુ ધર્મના સ્વરૂપની સમજણ ન હોય તેને આવો અનુભવ ક્યાંથી થાય! એ તો ચોરાશીના અવતારમાં ફેરા કરી કરીને મરી રહ્યો છે. લગ્નના મંડપમાં તો ચાર કે સાત ફેરા ફરે છે પણ કાગડા, કૂતરા, કીડી, કંથવા, નરક, નિગોદ આદિમાં અનંત ફેરા ફરી આવ્યો છે પણ અત્યારે બધું ભૂલી ગયો છે. એ અનંત અવતારના નાશનો ઉપાય આ એક જ 'ધર્મ' છે.

ત્રિકાળ જાગૃતસ્વરૂપ-જ્ઞાનાનંદ સ્વભાવી આત્માની સન્મુખ જતાં અમૃતઆનંદનો સ્વાદ આવે છે તેમાં આ અનુભવ છે અને હું તેનો અનુભવ કરું છું એવો ભેદ નથી કે કોઈ નય કે પ્રમાણ આદિનો પક્ષપાત પણ ત્યાં નથી. એટલે કે હું જ્ઞાનગુણવાળો છું કે દ્રવ્ય-પર્યાય સ્વરૂપ વસ્તુ છું એવો પક્ષ અનુભવમાં હોતો નથી.

"અનુભવમાં નયવિચારનો લેશ નથી અને પ્રમાણની પહોંચ નથી એટલે દ્રવ્ય ત્રિકાળી છે અને પર્યાય ક્ષણિક તથા ભેદરૂપ છે એવો વિકલ્પ અનુભવમાં હોતો નથી."

અનુભવમાં નિક્ષેપોનો સમુદાય નષ્ટ થઈ જાય છે. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ આ ચાર નિક્ષેપ વડે વસ્તુ ઓળખાય છે એવી વસ્તુને ઓળખવાની રીત પણ અનુભવમાં હોતી નથી.

વસ્તુનું સ્વરૂપ સિદ્ધ કરવા માટે નય, પ્રમાણ આદિ સાધન હોય છે પણ અનુભવ કરવામાં તેના વિકલ્પો બાધક છે. નયનું અને પ્રમાણનું વિકલ્પાત્મકજ્ઞાન આત્માના અનુભવમાં વિઘ્ન કરનારું છે. નય એટલે જ્ઞાનનો એક અંશ. વસ્તુ અનંત ગુણાત્મક છે તેના એક એક ગુણ નય વડે સાબિત થાય છે, વસ્તુનું આખું સ્વરૂપ પ્રમાણ વડે સાબિત થાય છે. વસ્તુનું નામ, દ્રવ્ય, ભાવ આદિ નિક્ષેપ વડે વસ્તુ સિદ્ધ થાય છે પણ વસ્તુના અનુભવકાળે નય, નિક્ષેપ કે પ્રમાણાદિ હોતાં નથી. વસ્તુને સિદ્ધ કરવા માટે જે સાધક છે તે જ વસ્તુના અનુભવકાળે બાધક છે.

જેમ બજારમાંથી વસ્તુ લેવા જાય ત્યારે તેનો ભાવ પૂછે છે, તોલા સાચાં છે કે નહિ, બરાબર વજન કરે છે કે નહિ તે જુએ છે પણ ઘરે લાવીને એ માલ ખાવા બેસે ત્યારે એ કાંઈ યાદ કરતો નથી. તેમ પોતાની વસ્તુસ્થિતિની મર્યાદા જાણવા માટે તેનો ત્રિકાળી સ્વભાવ અને ક્ષણિક પર્યાયનો જ્ઞાનમાં નિર્ણય કરે છે પણ અનુભવકાળે દ્રવ્ય કે પર્યાયનો વિચાર હોતો નથી. આવો મારગ છે બાપુ! પહેલાં એને શ્રદ્ધા, જ્ઞાનમાં તો સમજવું પડશે કે માર્ગ આ રીતે છે.

**बाकी राग दोषकी दसाकी कौन त्रातु है।** જ્યાં રાગના પડદા તોડીને નિર્વિકલ્પ અનુભવમાં જીવ જાય છે ત્યાં રાગ-દ્વેષ ક્યાંથી હોય? જ્યાં ભેદ નથી, વિકલ્પ નથી ત્યાં બીજા રાગ-દ્વેષની તો વાત જ ન હોય ને! કંદમૂળ ખાવા નહિ, રાત્રિભોજન કરવું નહિ, સામાયિક કરવી, પ્રતિક્રમણ કરવું, આઠમ-ચૌદસ લીલોતરી ન ખાવી એ બધું તેની ભૂમિકામાં હોય, એ શુભરાગ છે પણ તે ધર્મ નથી. વસ્તુનો નિર્વિકલ્પ અનુભવ તે ધર્મ છે તેમાં નય, નિક્ષેપ, પ્રમાણના વિકલ્પ પણ બાધક છે કે જે વસ્તુની સિદ્ધિ કરવા માટે પ્રથમ ભૂમિકામાં સાધક છે. પણ તેને જ લાભરૂપ અને મારો માની લે તો મિથ્યાત્વ છે. કષાયની મંદતાથી ઉપજતાં વિકલ્પો પણ અનુભવમાં બાધક છે.

અરે! મનુષ્યભવ મળ્યો...ભવમાંથી નીકળવાના ટાણાં આવ્યાં ત્યારે સત્ય જેમ છે તેમ સમજી લે ભાઈ! ભગવાન આત્મા-ચિંતામણિ રત્નપ્રભુ, સહજાનંદનો દરિયો ઉછળ્યો, કલ્પવૃક્ષના ફાલ ફાલ્યાં ત્યાં કહે છે કે નય, નિક્ષેપના વિકલ્પોની પણ કોઈ જરૂર નથી.

( ક્રમશઃ )

# ક્રમબદ્ધપર્યાયની યથાર્થ શ્રદ્ધાનું સ્વરૂપ

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૪૨)

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રની ૫૯ ગાથા થઈ ગઈ છે. હવે ૬૦મી ગાથામાં મુનિરાજ કહે છે કે વ્યવહારનયથી આ જીવ પુણ્ય-પાપરૂપ થાય છે.

ભગવાન આત્મા સ્વરૂપે તો શુદ્ધ ચિદાનંદમૂર્તિ છે પણ તેને ભૂલીને કર્મ બાંધ્યા હતાં તેના નિમિત્તે વળી પાછા શુભ-અશુભભાવરૂપે જીવ થાય છે.

આ તો પરમાત્મપ્રકાશ છે ને! આત્મા પરમાત્મા જ છે પણ તેને ભૂલીને જે કર્મ બાંધ્યા, તેનો હેતુ પામીને પોતે પુણ્ય-પાપરૂપ થાય છે. આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ પરમાત્મા છે તો પરમાત્મારૂપે થવું એ જ એનું કાર્ય છે પણ એવા સ્વરૂપના અભાનથી આત્મા શુભ અને અશુભ અથવા ધર્મ અને અધર્મરૂપ થાય છે. અહીં શુભ અને અશુભને ધર્મ અને અધર્મ કહ્યાં છે, ધર્મ એટલે અહીં આત્માનો નિશ્ચયધર્મ ન સમજવો.

આત્માએ પરમાત્મારૂપ થવું જોઈએ તેને બદલે પુણ્ય-પાપરૂપ કેમ થાય છે તે અહીં સમજાવે છે.

નિશ્ચય એટલે સાચી દૃષ્ટિથી જોઈએ તો આત્માનું પરમ સત્સ્વરૂપ તો વીતરાગ ચિદાનંદ સ્વભાવ છે. વીતરાગ એટલે કષાય રહિત જ્ઞાન આનંદ સ્વભાવી આત્મા છે. રાગ રહિત અથવા દોષ રહિત નિર્દોષ સ્વભાવી છે. પરંતુ તેના રાગરહિત નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાનના અભાવે જીવને કર્મો બંધાય છે.

જીવને કર્મ કેમ બંધાય છે કે વીતરાગ જ્ઞાનાનંદમય નિજ ચૈતન્યમૂર્તિના સમ્યગ્જ્ઞાન, દર્શન અને ચારિત્રના અભાવે—વીતરાગ પરિણતિના અભાવે રાગાદિ ભાવ થાય છે તેનાથી કર્મો બંધાય છે. એ કર્મોના ઉદયના નિમિત્તે જીવ પુણ્ય અને પાપભાવરૂપ થાય છે.

પ્રશ્ન જ એમ થયો છે કે આત્મા પરમાત્મા છે તો પરમાત્મા જ થઈને રહેવો જોઈએ તેને બદલે પુણ્યી અને પાપી કેમ થાય છે? વસ્તુનો ત્રિકાળીસ્વભાવ તો સત્...સત્...સત્ જ્ઞાનાનંદ વીતરાગસ્વરૂપ છે. તેને કર્મો કેમ બંધાયા? કે એવા સ્વરૂપના અભાવના કારણે—વીતરાગ સ્વસંવેદનજ્ઞાનના અભાવના કારણે રાગ, દ્વેષ,

મોહ થાય છે અને તેના કારણે કર્મો બંધાયા છે અને તે કર્મોનું કારણ પામીને જીવ
ફરી પુણ્ય-પાપભાવરૂપ થાય છે.

હું વીતરાગસ્વરૂપ છું એ ભૂલ્યો એટલે રાગ, દ્વેષ અને અજ્ઞાનભાવે પરિણમ્યો,
મિથ્યાશ્રદ્ધાપણે પરિણમ્યો કે હું તો રાગી-દ્વેષી છું તેથી કર્મોનું બંધન થયું. હું તો
અકષાય જ્ઞાનાનંદસ્વરૂપ ભગવાન આત્મા છું એવા સ્વીકારરૂપ સમ્યગ્દર્શન, જ્ઞાન
અને ચારિત્રરૂપે પરિણમવું જોઈએ તેને બદલે હું તો રાગ, દ્વેષ અને વિકારમય છું
એવી ભાવનામાં પરિણમતો આત્મા શુભ, અશુભ કર્મોને બાંધે છે.

આજે તો ક્રમબદ્ધનો વિચાર બહુ ચાલ્યો... કેટલાંક એમ માને છે કે ક્રમબદ્ધ
એટલે નિયતવાદ થઈ જાય છે અને કેટલાંક એમ માને છે કે, આ રાગ-દ્વેષ મારા
ક્રમમાં હતાં માટે આવ્યા છે આમ માનનારા બંને મિથ્યાદૃષ્ટિ છે. ક્રમબદ્ધને માનનારની
દૃષ્ટિ તો સ્વભાવ ઉપર હોય છે. તે તો અકર્તા થઈ ગયો છે. હું તો આનંદમય છું
એવી દૃષ્ટિ થયાં પછી "જે" રાગ આવે છે તેને જાણે છે તે ક્રમબદ્ધને સમજ્યો છે.

હું આનંદસ્વરૂપ છું, ક્રમે થતાં રાગ-દ્વેષ એ મારું સ્વરૂપ નહિ એ તો દુઃખરૂપ
ભાવ છે તેનો કર્તા હું નહિ. આનંદસ્વરૂપની દૃષ્ટિપૂર્વક, રાગાદિભાવો થાય છે તે
તો દુઃખરૂપ છે એમ એનો જાણનાર રહી જાય છે પણ કર્તા થતો નથી; તે જ્ઞાની છે.
પણ જે અમારે તો ક્રમમાં આ રાગ થવાનો હતો... ક્રમમાં સ્ત્રી, ધનાદિ આવવાના હતાં
માટે આવ્યા છે એમ રાગની અને સંયોગની મીઠાશને વેદે છે તે તો ઉલટો મિથ્યાત્વને
પુષ્ટ કરે છે, તે જ્ઞાની નથી.

હું તો અતીન્દ્રિય આનંદ સ્વભાવી છું એવા લક્ષે જેને આનંદ પ્રગટ થયો છે
તેને એ આનંદની મીઠાશ આગળ રાગની મીઠાશ આવતી નથી—રાગ દુઃખરૂપ લાગે છે.
જે ક્રમે આવતાં રાગની મીઠાશને વેદે છે તેને ક્રમબદ્ધનું જ્ઞાન જ નથી.

'જ્ઞાતા-દૃષ્ટા' એ ક્રમબદ્ધનો અર્થ છે. ક્રમબદ્ધને માનનારો અકર્તા થઈ ગયો
છે. પુણ્ય-પાપરૂપે થવું એ મારું સ્વરૂપ નહિ, "આનંદરૂપે થવું એ મારું સ્વરૂપ છે!"
"મારો આનંદ તો મારામાં છે." શુભ વિકલ્પ ઉઠે એ પણ દુઃખરૂપ છે. અશુભ તો
દુઃખરૂપ છે પણ શુભરાગ પણ દુઃખરૂપ છે અને સંયોગો તે દુઃખમાં નિમિત્ત છે. એવું
જાણતાં જ્ઞાની પોતાના અતીન્દ્રિય આનંદને અનુભવે છે અને ક્રમે આવતાં રાગને ભિન્ન
રહીને જાણે છે તેને જ ક્રમબદ્ધનું વાસ્તવિક જ્ઞાન છે.

આનંદસ્વરૂપની દૃષ્ટિ નથી અને આ રાગ તો મારે થવાનો હતો એ થયો છે,
આ લક્ષ્મી આવવાની હતી એ આવી છે એમ કરે છે તે તો મિથ્યાત્વને પુષ્ટ કરે છે પહેલાં

તો રાગ આવતો ત્યારે એ પાપ છે, દુઃખરૂપ છે એમ પણ થતું અને હવે તો એ રાગ ક્રમમાં હતો તે આવ્યો છે એમ કરીને તેમાં દૃષ્ટિ લગાવી છે તેણે તો મિથ્યાત્વને તીવ્ર કર્યું છે. જેમ નિયતને માનનારો નિગોદમાં જનારો છે તેમ આ પણ નિગોદનો ગ્રાહક છે.

જેની દૃષ્ટિમાં પરમાત્મસ્વરૂપ આવે છે તેને તો રાગનો અને વિકારનો પ્રેમ ઉડી જાય છે અને અતીન્દ્રિય આનંદ આવે છે. તેને પછી જે રાગ આવે છે તેનો કર્તા-ધર્તા તે થતો નથી. જ્ઞાતા-દૃષ્ટા રહે છે.

ક્રમબધ્ધની શ્રધ્ધા કઈ રીતે થાય? આત્માના આનંદનું ભાન થઈને જેને શ્રધ્ધા થઈ ગઈ કે, મારો અતીન્દ્રિય આનંદ મારી પાસે છે અને રાગ ઉઠે છે તે તો દુઃખરૂપ છે, મારું સ્વરૂપ નહિ એમ પોતાના આનંદ સાથે રાગના દુઃખને સરખાવે છે ત્યારે તેનો ( રાગનો ) અકર્તા થાય છે તેને ક્રમબધ્ધની સાચી શ્રધ્ધા થઈ કહેવાય.

ક્રમબધ્ધમાં નિયતવાદ માનનારા તો મિથ્યાદૃષ્ટિ જ છે કેમ કે એ તો એમ માને છે કે રાગ ક્રમે ક્રમે આવ્યા જ કરશે એ તો નિયતવાદ છે પણ આ રાગ તો મારા ક્રમમાં જ હતો માટે આવ્યો છે એમ માનીને રાગની મીઠાશને વેદે છે તે પણ મિથ્યાદૃષ્ટિ જ છે. જેને આત્માના ભાનથી અતીન્દ્રિય આનંદ આવ્યો છે તે આનંદ આગળ રાગને દુઃખરૂપ જાણીને તેનો જ્ઞાતા-દૃષ્ટા રહે છે તે ખરેખર ક્રમબદ્ધને સમજ્યો છે. સંયોગો અને રાગ વખતે હું તો તેનાથી જુદો જાણનાર વીતરાગ આનંદસ્વરૂપ છું એવું જાણતાં જ્ઞાની રાગને પોતાનું કાર્ય માનતાં નથી પણ તેના જ્ઞાતા રહે છે.

ક્રમબદ્ધની શ્રદ્ધા એટલે આનંદની શ્રદ્ધા. હું જ્ઞાયક છું એવી દૃષ્ટિ થઈ તેને હું આનંદમય છું રાગમય નથી એવી શ્રદ્ધા થઈ છે તેને ક્રમબદ્ધની શ્રદ્ધા છે. ક્રમબદ્ધની શ્રદ્ધાવાળાની દૃષ્ટિ જ્ઞાયક ઉપર જ હોય. જ્ઞાયકની દૃષ્ટિ એટલે હું આનંદમય છું એવું ભાન... મારો સ્વભાવ વીતરાગ ચિદાનંદસ્વરૂપ છે એવું જેને ભાન થાય તેને ક્રમબદ્ધ એવા રાગનું અને પરનું જ્ઞાન રહી જાય છે અને કર્તાપણું અને મીઠાશ છૂટી જાય છે.

આહાહા! વીતરાગનો માર્ગ તો આવો છે. તેને જેમ છે એમ માને નહિ અથવા માનવા જતાં સ્વચ્છંદને સેવે છે તેણે તો મિથ્યાત્વને દૃઢ કર્યું છે. કેમ કે જ્યારે રાગને પોતાનો માનતો હતો ત્યારે તો રાગ થતાં દુઃખ પણ લાગતું હતું અને હવે તો રાગ મારો છે જ નહિ એમ કહે છે અને મીઠાશ તો એમાં જ પડી છે, તેનું દુઃખ પણ થતું નથી. અજ્ઞાનભાવમાં તો રાગને ટાળવાની ચિંતા હતી એ પણ હવે ( સ્વચ્છંદ દશામાં ) ન રહી.

ક્રમબદ્ધ એટલે દ્રવ્યમાં ક્રમે ક્રમે પર્યાય થાય છે અને હું તેનો જ્ઞાતા, ચિદાનંદ, આનંદઘન વસ્તુ છું એમ વસ્તુનું ભાન થતાં ક્રમે થતી પર્યાયનો આત્મા કર્તા થતો નથી પણ જ્ઞાતા-દૃષ્ટા રહે છે; ત્યારે તેને ક્રમબદ્ધ યથાર્થ સમજાયું ગણાય. પણ વસ્તુસ્વભાવના ભાન વગર રાગ મારો નહિ...રાગ મારો નહિ એમ કરે અને અંદરમાં રાગની મીઠાશમાં ખેંચાતો જતો હોય તેને તો ઉલટું મિથ્યાત્વ પુષ્ટ થતું જાય છે. રાગને 'મારો છે' એમ માનતો હતો ત્યારે તો મિથ્યાત્વ હતું પણ આ તો વધુ પુષ્ટ થયું.

હું તો ચિદાનંદ વીતરાગ સ્વરૂપ છું એવું અંતરમાં ભાન અને અનુભવ થયું છે તેને રાગ થાય કે પરના કાર્ય થાય તેના તે જ્ઞાતા-દૃષ્ટા જ રહે છે, કર્તા થતાં નથી. આવા ધર્મી પુણ્ય-પાપરૂપે પરિણમતા નથી. તેનું ક્રમબદ્ધનું જ્ઞાન સાચું છે. અહો ! જેને રાગની મીઠાશ નથી, નિમિત્તનો પ્રેમ ઉડી ગયો છે, એક માત્ર સ્વભાવના પ્રેમ આડે કોઈ પ્રેમ જેને રહ્યો નથી, 'હું તો નિર્વિકલ્પ જ્ઞાનનંદમૂર્તિ છું' એવા સ્વભાવના પ્રેમવાળાનું ક્રમબદ્ધનું જ્ઞાન યથાર્થ છે.

અહીં કાંઈ પોપાબાઈના રાજ નથી કે, ક્રમબદ્ધની વાત સાંભળી લેવાથી કે બોલી લેવાથી ક્રમબદ્ધનું જ્ઞાન થઈ જાય. પહેલાં બતાવ કે તારી દૃષ્ટિ કયાં છે ? દૃષ્ટિ તો રાગ અને સંયોગ ઉપર પડી છે તો તે 'ક્રમબદ્ધ' જાણ્યું જ નથી અને માને છો કે મને ક્રમબદ્ધનું જ્ઞાન છે તો તે મિથ્યાત્વને તીવ્ર દૃઢ કર્યું છે.

અહા ! મારગ તે કાંઈ મારગ છે ! અહો ! સર્વજ્ઞની કથન શૈલી સંતોની પદ્ધતિ અને માર્ગની શ્રેણીની ધારા કોઈ અલૌકિક છે. સાધારણ રુચિવાળાને તો ખ્યાલમાં પણ ન આવે કે આ માર્ગ કેવો છે ? આ તો કાલે રસ્તામાં બહુ વિચાર આવ્યો કે, આ ક્રમબદ્ધમાં શું કહેવું છે ! 'થવાનું હશે એમ થશે' એ શું માત્ર એટલું જ સમજવાનું છે ! અરે ! તેને દૃષ્ટિ, જ્ઞાન અને અનુભવ સહિત, જે રાગ થાય છે તેનો જ્ઞાતા-દૃષ્ટા રહે છે તે ક્રમબદ્ધને સમજ્યો છે. અંતરના પુરુષાર્થ અને ભાન વિના 'થવાનું હશે તેમ થશે' એમ માનનારો કાંઈ સમજ્યો જ નથી. રાગને દોષરૂપ પણ માનતો નથી અને રાગ થવાનો હતો એ થયો એમ માનીને મિથ્યાત્વને પોષે છે.

અહીં કહે છે કે આ જીવ શુદ્ધ નિશ્ચયથી વીતરાગ ચિદાનંદ સ્વભાવ છે તોપણ વ્યવહારનયથી વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાનના અભાવથી રાગાદિરૂપ પરિણમનથી ઉપાર્જન કરેલાં શુભ-અશુભ કર્મોના કારણને પામીને પુણ્યી તથા પાપી થાય છે. વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદનજ્ઞાન ન હોય ત્યારે જ મિથ્યાત્વ અને રાગ-

દ્વેષના પરિણામ થાય છે અને તેનાથી કર્મો બંધાય છે. વીતરાગ સ્વસંવેદનજ્ઞાન હોય તો તો તેનાથી પરમાત્મદશા થાય, રાગ ન થાય.

સ્વસંવેદનજ્ઞાન, શ્રદ્ધા–જ્ઞાનની નિર્મળ પરિણતિ એ અંતરનો આદર છે. એનાથી રાગાદિ કે કર્મોનું બંધન થતું નથી. તેનાથી તો નિર્દોષ વીતરાગી દશા પ્રગટ થાય છે. પણ જ્યાં વીતરાગ ચિદાનંદ સ્વભાવનો આદર નથી ત્યાં મિથ્યાત્વ સહિતના ભાવોનો આદર પડ્યો જ છે તેથી એવા જીવને મિથ્યાત્વ અને પુણ્ય–પાપ કર્મનું ઉપાર્જન થાય જ છે. સ્વભાવના આદરથી પરમાત્મદશા ઉપજે છે અને વિભાવના આદરથી કર્મબંધન ઉપજે છે.

હવે જેને પરમાત્મભાવ તો દૃષ્ટિમાં નથી, તેનો આદર નથી અને દૃષ્ટિ નિમિત્ત અને રાગ ઉપર પડી છે તેથી પૂર્વે બંધાયેલાં કર્મોનું નિમિત્ત પામીને એ જીવ પુણ્ય અને પાપરૂપ થાય છે. "ખરેખર આત્મા પરમાત્મારૂપે થવો જોઈએ તેને ઠેકાણે પુણ્યી અને પાપી થાય છે તેને સ્વભાવનો અનાદર છે."

પુણ્ય–પાપના ભાવવાળા થવું એ અધર્મ છે. કેમ કે, કર્મનું નિમિત્ત પામીને તેનું જ લક્ષ છે તેથી પુણ્ય અને પાપભાવવાળો થાય છે. પોતાનો ચિદાનંદ સ્વભાવ તેનો આદર ભૂલીને એટલે કે, વીતરાગ સ્વસંવેદનને ભૂલીને રાગ-દ્વેષ–મોહભાવ કર્યા તેથી કર્મો ઉપજ્યા અને દૃષ્ટિ પણ રાગ ઉપર જ પડી છે તેથી એ કર્મોનું નિમિત્ત પામીને જીવ પુણ્યી અને પાપી થાય છે. પરમાત્મા થવું જોઈએ તેને બદલે પુણ્યી અને પાપી થાય છે.

હવે કહે છે પુણ્ય–પાપરૂપે જીવ થયો છે એ પણ વ્યવહાર છે. એ વખતે જ ખરેખર આત્મા વસ્તુસ્વરૂપે શુદ્ધ છે. વસ્તુસ્વરૂપને ભૂલ્યો એ વ્યવહાર છે, તેનાથી કર્મ બંધાણા એ પણ વ્યવહાર છે અને તેના નિમિત્તે પર્યાયમાં જીવ પુણ્યી અને પાપી થયો છે એ પણ વ્યવહાર છે. વસ્તુસ્વરૂપ કર્મ અને પુણ્ય–પાપથી રહિત છે. આત્માની અનુભૂતિમાં તો વીતરાગ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ તન્મય છે, રાગ અનુભૂતિથી તન્મય નથી.

વીતરાગસ્વભાવનું :વીતરાગીદર્શન એવું સમ્યક્ત્વ તે અનુભૂતિથી તન્મય છે, વસ્તુસ્વરૂપનું સમ્યગ્જ્ઞાન તે પોતાની અનુભૂતિથી તન્મય છે. સ્વરૂપનું ચારિત્ર તે અનુભૂતિથી તન્મય છે અને બાહ્ય પદાર્થોની ઇચ્છાને રોકવારૂપ તપ એ અનુભૂતિથી તન્મય છે અર્થાત્ તે રૂપે છે. એવી આ ચાર પ્રકારની નિશ્ચય-આરાધના છે.

પોતાના આત્મદેવની અનુભૂતિમાં આ ચારેય આરાધના તન્મય છે—એકમેક

છે. આવી અનુભૂતિ તે આત્માનું ખરું આરાધન છે, એ આત્માની સેવા છે. આવી વીતરાગ સ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર અને ઇચ્છા-નિરોધરૂપ તપથી તન્મય અનુભૂતિના કાળે સાક્ષાત્ ઉપાદેયરૂપ વીતરાગ પરમાનંદ જે મોક્ષસુખ તેનાથી અભિન્ન આનંદમયી એવો નિજ શુદ્ધાત્મા જ ઉપાદેય છે. બાકી બધું હેય છે.

શું કહ્યું ?—કે પરમ વીતરાગ નિર્દોષ આનંદસ્વરૂપ નિજ આત્મદેવની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતારૂપ અનુભૂતિના કાળમાં જ આત્મા ઉપાદેય છે. મિથ્યાત્વભાવના કાળમાં તો આત્માનો અનાદર છે અને પુણ્ય-પાપને આદરણીય માન્યા છે. અજ્ઞાનીને મિથ્યાત્વભાવમાં પુણ્ય-પાપનું જ આરાધન છે.

અહો આ તો અલૌકિક માર્ગ ! જેને ઇન્દ્રો પણ અદ્‌ભુત આશ્ચર્યદૃષ્ટિથી સાંભળે છે, ગણધરો પણ ભાવથી સાંભળે છે કે જે પોતે ચાર જ્ઞાન અને બાર અંગના જાણનારા છે.

૬૦મી ગાથાનો સાર એ છે કે આત્મા પોતાના પરમાત્મસ્વરૂપની અનુભૂતિના અભાવમાં મિથ્યાત્વદશામાં કર્મો બાંધીને તેના નિમિત્તથી પુણ્યી અને પાપી થાય છે. સ્વભાવને ભૂલી, મિથ્યાત્વ, રાગ, દ્વેષને સેવી કર્મો બાંધી તેના જ લક્ષે ફરી પુણ્ય-પાપભાવરૂપે પર્યાયમાં થાય છે. જો તેની દૃષ્ટિ પરમાં ન હોય તો તો પોતે પરમાત્મસ્વરૂપે છે પણ સ્વભાવનું લક્ષ નથી તેથી પુણ્ય અને પાપરૂપ થયો છે. હવે તેને સ્વભાવનું આરાધન—ઉપાદેયપણું કેમ થાય ?—"કે વીતરાગ પરમાનંદ નિર્દોષ ચિદાનંદ જ્ઞાનાનંદ સ્વરૂપની દૃષ્ટિ, જ્ઞાન, રમણતા કરે અને બાહ્ય ઇચ્છાનો નિરોધ થાય ત્યારે તેને આત્મા ઉપાદેય થયો કહેવાય."

આવો પરમાત્મા જ સેવવા લાયક છે. અન્ય બધું એટલે પુણ્ય-પાપના વિકલ્પો અને એક સમયની પર્યાય હેય છે.

પૂર્ણાનંદપ્રભુની દૃષ્ટિ થઈ છે, જ્ઞાન પણ ત્યાં લાગ્યું છે, સ્થિરતા પણ તેમાં જામી છે અને ઉગ્ર પુરુષાર્થથી ઇચ્છાનો અભાવ થયો છે એવા કાળમાં તેને એક આત્મા જ ઉપાદેય છે. મારો આત્મા જ પૂર્ણાનંદ છે એવો આદર તે વખતે થયો છે અને અન્ય બધું હેય થયું છે.

આગળ કહેશે કે આઠ કર્મોથી આત્મા આચ્છાદિત થયો છે તે પણ પોતાની ભૂલથી જ થયો છે—એ બતાવવું છે. આત્મા પુણ્યી થયો એટલે કે વિકારવાળો થયો છે, ખરેખર પોતે વિકારવાળો નથી છતાં વિકારવાળો થયો છે. કેમ? કેમ કે પોતાના

નિર્દોષ વીતરાગ ચિદાનંદસ્વભાવને ભૂલી ગયો છે માટે વિકારી થયો છે. કોઈ કર્મ તેને વિકારી કરી શકતા નથી.

અરે! આત્મા પરમાત્મા થવો જોઈએ તેને બદલે પુણ્યી અને પાપી થયો છે અને વળી દુનિયા વખાણે કે આ તો પુણ્યશાળી છે!

અહીં ધર્મ એટલે પુણ્ય અને અધર્મ એટલે પાપના ભાવરૂપ જીવના પરિણમનની વાત છે. બહારના પુણ્ય-પાપના સંયોગની વાત નથી. પોતાને ભૂલીને કર્મનું આરાધન કરનાર પોતે શુભ અને અશુભભાવરૂપ થાય છે એમ કહેવું છે. સારા કે નરસાં સંયોગરૂપે આત્મા થાય છે એમ કહેવું નથી. કારણ કે સંયોગમાં તો એક સમયમાત્ર પણ આત્મા આવતો નથી. માટે સંયોગરૂપે આત્મા થાય છે એમ કહેવાનો અવકાશ જ નથી. (પ્રસંગ જ નથી.)

જ્ઞાની કે અજ્ઞાની કોઈ પણ એક સમયમાત્ર પણ સ્ત્રી, પુત્ર, ધનાદિ સંયોગરૂપે થતાં નથી. આત્મા પરસંયોગરૂપે થાય એ બની જ ન શકે. આત્મા તો પરમાત્મા થવાને જ યોગ્ય છે. તેને બદલે અજ્ઞાનથી વિકારરૂપે થઈ રહ્યો છે એમ અહીં કહ્યું છે. પ્રભુ! વીતરાગપણે અને કેવળજ્ઞાનપણે પરિણમવું એ તારો સ્વભાવ છે. તેને બદલે તું પુણ્યી અને પાપી થયો! તારે તો તારાં વીતરાગ ચિદાનંદ સ્વભાવનું ભાન કરીને પરમાત્મારૂપે થવું જોઈએ તેને બદલે તું અપરમાત્મદશારૂપ—સંસારરૂપ થયો!

(આજે, આ જિનમંદિર મોટું કરીને ઉપરની વેદીમાં ભગવાન પધરાવ્યા હતાં તે દિવસ છે. નવ વર્ષ થયાં.)

હવે ૬૨મી ગાથામાં કહે છે કે આઠ પ્રકારના કર્મથી જીવ સંસારમાં બંધાયો છે. પોતાની ભૂલના કારણે આઠ કર્મના નિમિત્તે જીવ બંધાયો છે. આત્મા તો પરમાત્મસ્વરૂપ છે પણ તેની વર્તમાન હીણીદશામાં કર્મનું નિમિત્ત છે. કર્મના લક્ષે પોતે બાંધેલા ભાવથી પોતે હીણો થઈને કર્મથી આચ્છાદિત થયો છે.

શ્રીગુરુ પોતાના શિષ્ય મુનિને કહે છે હે યોગી! યોગી એટલે તારું જોડાણ–તારી દૃષ્ટિનું જોડાણ, તારા જ્ઞાનનું જોડાણ, તારી સ્થિરતાનું જોડાણ તો તારા ચિદાનંદ સ્વભાવમાં હોવું જોઈએ. એવું સ્વરૂપમાં જોડાણ જેને નથી અને રાગમાં જોડાણ છે તે આઠ કર્મો વડે આચ્છાદિત થાય છે. પોતાની ભૂલથી આવા આઠ જાતના કર્મો વડે જીવ ઢંકાય છે.

સ્વભાવના લક્ષ વગરનો જીવ કર્મના લક્ષે થયેલાં ભાવથી પોતાના સ્વભાવને

પામતો નથી. કર્મના લક્ષે રહેલો "ભાવ" આચ્છાદિત છે તેથી તે પરમાત્મસ્વભાવને પામતો નથી. આઠ કર્મ વડે જીવના સમ્યક્ત્વાદિ આઠ ગુણો અર્થાત્ પર્યાયો ઢંકાય છે તે કયા કર્મના નિમિત્તે કઈ પર્યાય ઢંકાય છે તે કહે છે.

શુદ્ધ આત્મા નિર્મળાનંદ પ્રભુ અને અજીવ, આસ્રવ, બંધાદિ નવ પદાર્થોમાં વિપરીત શ્રધ્ધાન રહિત જે પરિણામ તેને ક્ષાયિક સમ્યક્ત્વ કહે છે. જુઓ! આને સમ્યક્ત્વગુણ કહ્યો છે પણ તે પર્યાય છે, અવગુણ ટળીને થઈ હોવાથી તેને ગુણ કહેવાય છે. અહીં પહેલાં આઠેય ગુણ બતાવીને તેને ઢાંકનારા કર્મોની વાત પછી કરશે.

બીજો ગુણ કેવળજ્ઞાન કે જે ત્રણકાળ ત્રણલોકના પદાર્થોને એક જ સમયમાં વિશેષરૂપથી જાણે છે; અનંત જીવ, અનંત પુદ્‌ગલ આદિ દરેકને તેના ગુણ-પર્યાયના ભેદ સહિત એક સમયમાં જાણી લે છે; તે મહિમાવંત કેવળજ્ઞાન નામનો ગુણ છે.

"સર્વ પદાર્થોને કેવળદૃષ્ટિથી એટલે સામાન્યરૂપથી—ભેદ પાડયા વિના એકરૂપ દેખે તે કેવળદર્શન છે."

આ બધું યાદ રહે તેવું છે હો! ૨૫ વર્ષ પહેલાં ગાળ કોઈએ આપી હોય એ પણ યાદ રહે છે ને! તો ગાળને યાદ રાખ અને ગુણને યાદ નહિ રાખ!

કેવળજ્ઞાનમાં અનંત જાણવાની શક્તિ છે તે "અનંતવીર્ય" નામનો ગુણ છે અતીન્દ્રિયજ્ઞાનથી અમૂર્તિક સૂક્ષ્મ પદાર્થોને જાણવા તે સૂક્ષ્મત્વગુણ છે. ચાર જ્ઞાન વડે તે પદાર્થો જાણી શકાતાં નથી.

એક જીવના અવગાહક્ષેત્રમાં અનંત જીવ સમાય જાય એવો અવકાશ દેવાનો સ્વભાવ તે અવગાહન ગુણ છે. સર્વથા ગુરુતા અને લઘુતાનો અભાવ હોવો તે અગુરુલઘુગુણ છે અને વેદનીયકર્મના ઉદયના અભાવથી ઉત્પન્ન થયેલો સમસ્ત બાધારહિત "ભાવ" તે નિરાબાધ ગુણ છે.

આમ કેવળજ્ઞાન, કેવળદર્શન, ક્ષાયિક સમ્યક્ત્વ, અનંતવીર્ય, સૂક્ષ્મત્વ, અવગાહનત્વ, અગુરુલઘુત્વ અને અવ્યાબાધ આ આઠ ગુણની આઠ નિર્મળપર્યાય છે તે સ્વભાવના આશ્રયે તો પ્રગટ થાય છે પણ સંસારદશામાં પરના પ્રેમથી તે કેમ અવરાય છે તે પછી કહેવાશે. (ક્રમશઃ)

[ વીતરાગ ચિદાનંદમય નિજ આત્માનો સદા આદર કરવાના દિવ્ય સંદેશા આપનાર શ્રી સદ્‌ગુરુદેવનો જય હો. ]

# વૈરાગ્યજનની : બાર ભાવના

[ શ્રી સ્વામીકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

આ ધર્માનુપ્રેક્ષામાં શ્રાવકના ધર્મોનું વર્ણન ચાલે છે. આ ભાવના સમ્યગ્દષ્ટિ ચિંતવે છે અને આ ભાવના ચિંતવનારને સૌથી પહેલાં સર્વજ્ઞદેવની પ્રતીત છે, સર્વજ્ઞથી વિરુદ્ધ એવા કુગુરુ, કુદેવ, કુશાસ્ત્રને તે માનતો નથી. સર્વજ્ઞના માર્ગમાં નિર્ગ્રન્થ ભાવલિંગી દિગંબર સંત તે ઉત્કૃષ્ટ પાત્ર છે—એમ ઓળખીને ભક્તિપૂર્વક આહારદાન આપે. પાત્ર કોણ છે ને કુપાત્ર કોણ છે તેનું પણ જેને ભાન ન હોય તેને અતિથિસંવિભાગ વ્રત હોય નહીં. સાચા પાત્ર ત્રણ પ્રકારના છે. ઉતમપાત્ર તો મુનિ છે, મધ્યમપાત્ર તો શ્રાવક છે ને અવિરત સમ્યગ્દષ્ટિ તે જઘન્યપાત્ર છે. આવા ત્રણ પાત્રથી વિરુદ્ધ તે કુપાત્ર છે. તે કુપાત્રને જે ગુરુ માને તે મિથ્યાદષ્ટિ છે. તથા જે શાસ્ત્રો આવા ત્રણ પ્રકારના પાત્રનું સ્વરૂપ વિપરીત કહેતાં હોય તે કુશાસ્ત્ર છે ને તેની માન્યતાવાળો જીવ મિથ્યાદષ્ટિ છે, તેને આવું અતિથિસંવિભાગવ્રત હોતું નથી.

વસ્ત્ર-પાત્ર વગેરે પરિગ્રહ સહિત મુનિદશા હોવાનું જે માને તે જીવ પાત્ર નથી; અને વસ્ત્રાદિ સહિત મુનિદશા કહેનારાં શાસ્ત્રો પણ ખોટાં છે. એવા કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુને જે માને તેને સાચી ભાવના હોતી નથી. જુઓ, આ બાર અનુપ્રેક્ષા સમ્યગ્દષ્ટિ, ગૃહસ્થ અને છઠ્ઠાગુણસ્થાનવાળા સંતમુનિ પણ ચિંતવે છે. જે જીવને હજી સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ તથા ખોટા દેવ-શાસ્ત્ર-ગુરુ વચ્ચેનો પણ વિવેક નથી તે જીવ કોઈકની વાત ચોરીને પોતાના નામે વાત કરે છે અને "અમે પણ અધ્યાત્મ જાણીએ છીએ" એમ બતાવીને લોકો પાસેથી માન લેવા માગે છે, તે મૂઢ જીવો સ્વચ્છંદ સેવી રહ્યા છે. પહેલાં તો સત્ય સાંભળતાં ઉત્સાહ આવતો, ને હવે તો "અમારામાં પણ આ વાત છે" એમ માનીને કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુને પોષે છે એટલે સત્ય સાંભળવાનો ઉત્સાહભાવ પણ તેને ન રહ્યો ને ગૃહિત મિથ્યાત્વનું તીવ્ર પોષણ થયું. જેને હજી કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુની માન્યતા પણ છૂટી નથી એવા ગૃહિત મિથ્યાદષ્ટિની વાત સાંભળીને સમકિતી શ્રાવક મૂંઝાય નહીં, અને તેને માને નહિ.

અહો! ચારિત્રદશા તો અંતર સ્વરૂપમાં ઝૂલતી મહાપવિત્ર દશા છે. ત્યાં અંતર-બાહ્ય નિર્ગ્રન્થદશા હોય છે. વસ્ત્રના તાણાનો પણ પરિગ્રહ હોતો નથી. આવી મુનિદશા સિવાય બીજી રીતે મુનિદશા મનાવે તો તેને મોક્ષમાર્ગની ખબર નથી.

તે જીવ મિથ્યાદૃષ્ટિ છે. માટે કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુની માન્યતા તો પહેલાં જ છૂટી જવી જોઈએ. જેને સર્વજ્ઞની પ્રતીતિ થઈ છે, સાચા નિર્ગ્રંથ ગુરુની ઓળખાણ થઈ છે, તથા તેમના કહેલાં શાસ્ત્રો ઓળખ્યા છે અને કુદેવ-કુગુરુ અને કુશાસ્ત્રની શ્રદ્ધા છૂટી ગઈ છે એટલે કે નિમિત્ત પલટી ગયું છે અને પોતાના ઉપાદાનમાં પણ મિથ્યા શ્રધ્ધા છૂટીને સમ્યક્ શ્રધ્ધા થઈ છે એવા સમ્યગ્દૃષ્ટિ જીવને રાગ છૂટતાં કેવા વ્રતો હોય તેનું આ વર્ણન છે. જેને હજી નિમિત્તો પણ પલટયાં નથી ને કુદેવ-કુશાસ્ત્ર-કુગુરુ એવા અસત્ નિમિત્તોને માની રહ્યો છે, તેને પોતાના ઉપાદાનમાં પણ પલટો થયો નથી અને તેને આવા વ્રતો કે ભાવના હોતા નથી. આટલો ઉપોદ્ઘાત લક્ષમાં રાખીને આ વ્રતની વાત સમજવી.

અહીં બીજી પડિમાવાળા શ્રાવકને જે બાર વ્રત હોય છે તેમાં અતિથિ-સંવિભાગવ્રતનું વર્ણન ચાલે છે.

भोजनदानेन सौख्यं औषधदानेन शास्त्रदानं च ।
जीवानां अभयदानं सुदुर्लभं सर्वदानानाम् ॥ ३६२ ॥

અર્થ:—ભોજનના દાનથી સર્વને સુખ થાય છે. ઔષધદાનપૂર્વક શાસ્ત્રદાન અને જીવનું અભયદાન છે તે સર્વ દાનોમાં દુર્લભતાથી પમાય એવું ઉત્તમદાન છે.

ભોજનદાનથી સુખ થાય છે તે તો નિમિત્તનું કથન છે. મુનિને કાંઈક રોગ થયો હોય તો ધર્મી શ્રાવક આહારની સાથે ઔષધિ આપી દે. આહાર સિવાય બીજા વખતે જુદું ઔષધ મુનિઓ લ્યે નહીં અને તેવી રીતે ઔષધ આપવાનો ભાવ પણ સમ્યગ્દૃષ્ટિ શ્રાવકને આવે નહીં. જેઓ મુનિદશામાં પણ બે-ત્રણ વખત આહાર કરવાનું માને તે મિથ્યાદૃષ્ટિ છે, તેને મુનિદશાની ખબર નથી. જેને મુનિદશા જેવી ઉત્કૃષ્ટ વીતરાગ પર્યાય પ્રગટી તેને ગમે ત્યારે ઔષધિ વગેરે લેવાનો ભાવ હોય જ નહિ. આહારની સાથે સાથે નિર્દોષ ઔષધિ શ્રાવક આપે. વળી શાસ્ત્રદાન કરે, પણ શાસ્ત્ર શું તેનું જ જેને ભાન ન હોય તે જીવને શાસ્ત્રદાન ક્યાંથી હોય? અહીં અભયદાનને શ્રેષ્ઠ કહ્યું છે તેમાં મુખ્યપણે મુનિ વગેરે પાત્ર જીવો સમજવા.

આગળ આહારદાનને મુખ્ય કરીને તેનું કથન કરે છે.

भोजनदाने दत्ते त्रीणि अपि दानानि भवन्ति दत्तानि ।
बुभुक्षातृषाव्याधयः दिने दिने भवन्ति देहिनाम् ॥ ३६३ ॥
भोजनबलेन साधुः शास्त्रं सेवते रात्रिदिवसं अपि ।
भोजनदाने दत्ते प्राणाः अपि च रक्षिताः भवन्ति ॥ ३६४ ॥

અર્થ:—ભોજનદાન આપતાં ત્રણે દાન આપવા બરાબર થાય છે. કારણ કે પ્રાણીઓને ક્ષુધા-તૃષા નામનો રોગ દરરોજ લાગ્યા જ કરે છે. ભોજનના બળથી સાધુપુરુષ રાત્રિ-દિવસ શાસ્ત્રોનો અભ્યાસ કરે છે. ભોજન આપવાથી પ્રાણરક્ષા પણ થાય છે. એ પ્રમાણે ભોજનદાનથી ઔષધ-શાસ્ત્ર-અભય એ ત્રણે દાન આપ્યા એમ સમજવું.

આહારદાનનો મહિમા બતાવવા માટે તેને અહીં મુખ્ય કરીને કહ્યું છે. આહારના નિમિત્તે સંતપુરુષો રાત્રિદિવસ શાસ્ત્રનો અભ્યાસ કરે છે. એ કથન વ્યવહારનું છે. ખરેખર જ્ઞાન તો ચિદાનંદ સ્વભાવના અવલંબને થાય છે. પણ અત્યારે આહારદાનની વાત બતાવવી છે. શ્રાવક એમ ભાવના ભાવે કે અહો! મારા આંગણે આજે ધર્મનું કલ્પવૃક્ષ ફળ્યું, મારા ધન્ય ભાગ્ય કે આજે મુનિનો આહાર મારે ત્યાં થયો. પોતાના શરીરને આહારથી પોષવાનો ભાવ આવે છે તો મુનિને આહારદાન દેવાનો ભાવ ધર્મીને આવ્યા વિના રહેતો નથી. મુનિના પેટામાં શ્રાવક અને સમકિતી પણ સમજી લેવા.

વળી શાસ્ત્રદાન પણ આપે; સંત મુનિઓને માટે શાસ્ત્રો લખીને આપે; ધન ખર્ચીને બીજા પાસે લખાવે. જુઓ, કુંદકુંદ ભગવાને પૂર્વભવમાં શાસ્ત્રદાન કર્યું હતું એવી વાત આવે છે. અને તે શાસ્ત્રદાનના ફળમાં તેમને અલૌકિક જ્ઞાન ઉઘડ્યું એમ વ્યવહારથી કહેવાય છે. વર્તમાનમાં કુંદકુંદાચાર્યદેવનું શાસન અલૌકિક રીતે વર્તે છે. સનાતન જૈનશાસનમાં શ્રી ગૌતમગણધરદેવ પછી તરત કુંદકુંદાચાર્યદેવનું સ્થાન આવે છે.

मंगलं भगवान वीरो, मंगलं गौतमो गणी ।
मंगलं कुंदकुंदार्यो जैन धर्मोस्तु मंगलम् ॥

એ રીતે કુંદકુંદભગવાનનું સ્થાન અલૌકિક છે.

હવે ફરીથી દાનનો મહિમા કહે છે.

इहपरलोकनिरीहः दानं यः ददाति परमभक्त्या ।
रत्नत्रये सुस्थापितः संघः सकलः भवेत् तेन ॥ ३६५ ॥
उत्तमपात्रविशेषे उत्तमभक्त्या उत्तमं दानं ।
एकदिने अपि च दत्तं इन्द्रसुखं उत्तमं ददाति ॥ ३६६ ॥

અર્થ:—જે પુરુષ (શ્રાવક) આલોક-પરલોકના ફળની વાંછારહિત બની પરમભક્તિપૂર્વક સંઘના અર્થે દાન આપે છે તે પુરુષે સર્વ સંઘને રત્નત્રય અર્થાત્

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થાપ્યો. વળી ઉત્તમ પાત્રવિશેષના અર્થે ઉત્તમ ભક્તિપૂર્વક એક દિવસ પણ આપેલું ઉત્તમદાન ઉત્કૃષ્ટ ઇન્દ્રપદના સુખને આપે છે.

જુઓ, સંઘ એટલે મુનિ, અર્જિકા, શ્રાવક અને શ્રાવિકા. અર્જિકાને પંચમ ગુણસ્થાન હોય છે. સનાતન વીતરાગમાર્ગમાં સ્ત્રીને પાંચમાં ગુણસ્થાનથી વિશેષદશા હોતી નથી. અહો ! વીતરાગમાર્ગને સાધનારા સંત, મુનિઓ, અર્જિકાઓ, શ્રાવકો ને શ્રાવિકા તેમના પ્રત્યે બહુમાન અને ભક્તિપૂર્વક જેને આહારદાન વગેરેનો ભાવ થાય છે તેને પોતાને અંતરમાં વીતરાગમાર્ગનો આદર છે અને નિમિત્ત તરીકે તેણે ચતુર્વિધ સંઘને રત્નત્રય સંઘમાં સ્થાપ્યો. સામા જીવો તો પોતાના કારણે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિર રહે છે પણ આ જીવે તેનું અનુમોદન આપ્યું તેથી નિમિત્ત તરીકે તેણે સંઘને મોક્ષમાર્ગમાં સ્થાપ્યો એમ કહ્યું છે.

વીતરાગ માર્ગને સાધનારા સંત-મુનિઓ વગેરેનો જેણે આદર કર્યો તેણે સાધકભાવનો આદર કર્યો કે અહો ! આવો સાધકભાવ જગતમાં સદા જયવંત વર્તો ! એટલે તેણે નિશ્ચયથી પોતાના આત્માને મોક્ષમાર્ગમાં સ્થાપ્યો, ને નિમિત્ત તરીકે ચાર સંઘને મોક્ષમાર્ગમાં સ્થાપ્યા.

આથી ઊલટું જેણે એક પણ સંત મુનિને કે એક પણ સાધક જીવને મારી નાખવાનો અભિપ્રાય કર્યો તેણે ત્રણ કાળના અનંતા સાધક સંત-ધર્માત્માઓનો અનાદર કર્યો. એટલે કે જગતમાં સાધકભાવ ન રહો—એવો મહા વિપરીત તીવ્ર પાપભાવ તેના અભિપ્રાયમાં આવ્યો; સાધકભાવ તો જગતમાં સદાય રહેવાનો છે પણ તેણે પોતાના અભિપ્રાયમાં સાધકભાવની મહા વિરાધના કરી. તેનું ફળ અનંત સંસાર છે. જુઓ, આ અભિપ્રાયની ઉગ્રતા ! જે મને અગવડતા કરે તેને મારે મારવો એવો જેનો અભિપ્રાય છે તેના અભિપ્રાયમાં એમ આવ્યું કે અનંત જીવો વિરોધ કરે તે અનંતને મારવા, ને અનંતકાળ સુધી મારવા, તથા વિરોધી જીવોને જે મારી નાખતો હોય તેને અનુમોદન આપવું તે અજ્ઞાનીના અભિપ્રાયમાં અનંતા રાગ-દ્વેષ છે. તેમ સાધકજીવને અનુમોદન આપવામાં ધર્મીને સાધક ભાવનો અનંત આદર છે કે અહો ! જગતમાં મોક્ષમાર્ગને સાધનારા સંતો સદાય જયવંત રહો ! એવા સંતોનું બહુમાન કરનાર જીવો પણ જગતમાં સદાય રહો. એમ તે પોતાના ભાવમાં વીતરાગભાવનો આદર કરનાર છે. કુદેવ-કુગુરુનો જે માનતો હોય તે જીવને ધર્મી શ્રાવક આદરે નહીં. સાચા દેવ-શાસ્ત્ર-ગુરુને ઉડાડીને જે જીવ કુદેવ-કુગુરુ-કુમાર્ગને સ્થાપે છે તે જીવ ત્રણ કાળના સત્યનો અનાદર કરે છે, ને ત્રણ કાળના અસત્યને આદરે છે. જિનમાર્ગમાં મુનિની દશા સદાય નિર્ગ્રંથ દિગંબર જ હોય છે—જિનકલ્પી હો કે સ્થવિરકલ્પી હો.

ચાર સંઘને ભક્તિપૂર્વક આહારદાન દેનાર જીવને મોક્ષમાર્ગની ભાવના છે, પોતાને વિકલ્પ થાય છે તેની પણ ભાવના નથી, આવો જીવ ઉત્તમ પાત્ર એવા મુનિને ઉત્તમ ભક્તિથી ઉત્તમદાન એકવાર પણ આપે તો તેના ફળમાં ઇંદ્રપદ પામે છે. જુઓ, અહીં ઉત્તમપાત્રની વાત લીધી, કેમકે આ સમ્યગ્દૃષ્ટિની વાત છે. મિથ્યાદૃષ્ટિને ઇંદ્રપદ હોતું નથી.

જુઓ, મુનિઓને પણ "શાસ્ત્ર જયવંત વર્તો" એવો ભાવ આવે છે. ધરસેનઆચાર્ય જેવા મહાન સંતને પણ એવો વિકલ્પ આવ્યો કે અહો! સર્વજ્ઞ પરંપરાથી મને મળેલું આ જ્ઞાન મારા પછી વિચ્છેદ જશે! એવો ભય થતાં બે મુનિવરોને બોલાવ્યા, તે આવતા હતા ત્યારે મંગલ સ્વપ્ન આવ્યું કે બે ધોરી બળદ ભક્તિથી પોતાના ચરણે નમે છે. એ સ્વપ્ન જોતાં જ ઉલ્લાસ આવતાં એમ આશીર્વાદ નીકળ્યા કે "અહો શ્રુતદેવતા જયવંત હો"! પછી તેમણે પુષ્પદંત અને ભૂતબલિ મુનિઓને શાસ્ત્ર ભણાવ્યાં અને તે મુનિઓએ ષટ્ખંડાગમની રચના કરીને સંઘ પાસે તેનો મોટો મહોત્સવ કરાવ્યો. એ દિવસ શ્રુતપંચમી તરીકે પ્રસિદ્ધ છે. જુઓ, પોતાને પોતાના આત્મામાં મોક્ષમાર્ગ અત્રૂટપણે ટકી રહેવાની ભાવના છે તેથી તેના નિમિત્ત તરીકે શાસ્ત્રો પણ જયવંત વર્તો એવો વિકલ્પ આવે છે.

શ્રાવકના ચાર પ્રકારના સંઘ પ્રત્યે વાત્સલ્ય અને ભક્તિપૂર્વક દાનનો ભાવ આવે છે. દાન આપવાથી ચતુર્વિધસંઘની સ્થિરતા થાય છે, એટલે દાન આપવા વાળાએ મોક્ષમાર્ગ જ ચલાવ્યો કહીયે છીએ. વળી ઉત્તમપાત્ર, દાતાની ઉત્તમ ભક્તિ અને ઉત્તમદાન એ બધી વિધિ મળી જતાં તેનું ઉત્તમ જ ફળ થાય છે, ઈન્દ્રાદિપદનું સુખ પ્રાપ્ત થાય છે.

અહો! વીતરાગી મુનિવરો-સંતો! તમારો સાધકભાવ જગતમાં ટકી રહો! તમારા સાધકભાવમાં વચ્ચે વિઘ્ન ન હો, આવી ભાવના પૂર્વક જેણે દાન આપ્યું તેણે મોક્ષમાર્ગને ટકાવ્યો. વસ્તુ લેવા દેવાની મુખ્યતા નથી પણ અંતરમાં વીતરાગત્વનું બહુમાન છે, તેની મુખ્યતા છે. સમ્યગ્દૃષ્ટિને આહારદાન વગેરેનો ભાવ થતો અતિશય પુણ્ય બંધાઈ જાય છે, ને તે ઈન્દ્રાદિ પદવી પામે છે.

અહીં ઈન્દ્રપદનું સુખ પામવાની વાત કરી તે નિમિત્તથી છે. કેમકે અહીં તો વ્રતમાં જે શુભરાગ છે તેનું ફળ બતાવવું છે, તેથી તેના ફળને સુખ કહ્યું છે. વ્રતનો ભાવ પણ આસ્રવ છે. પણ આવા પ્રકારનો આસ્રવ પૂર્વે કદી થયો નથી. તેથી આ જુદી જાતનો આસ્રવ છે. "જુદી જાતનો આસ્રવ" કહેવાનું કારણ એ છે કે આ

આસ્રવ વખતે ધર્મીને અંદરમાં સમ્યગ્દર્શન અને આત્માના ભાન સહિત વીતરાગતાનો આદર છે, તે આસ્રવનો આદર નથી, મિથ્યાદૃષ્ટિને આવી જાતના પુણ્યનો આસ્રવ થતો નથી. સમ્યગ્દૃષ્ટિની ભૂમિકામાં જ આવા પ્રકારનો યથાર્થભાવ હોય છે. જેને હજી સાચા સાધુનું પણ ભાન નથી તેને તો વ્રતનો આસ્રવ ભાવ પણ યથાર્થ હોતો નથી. "સત્ય પુણ્ય" પણ સત્પુરુષના આશ્રય વગર બંધાતાં નથી. છતાં ધર્મીજીવ તે પુણ્યને પણ આદરણીય માનતા નથી.

જે જીવ મિથ્યાદૃષ્ટિ હોય, કુગુરુને માનતો હોય, એવા જીવને આહારદાનના શુભભાવથી પરિત સંસાર થવાનું જે શાસ્ત્ર કહેતાં હોય તે શાસ્ત્રનું કથન મિથ્યાદૃષ્ટિનું છે. સમ્યગ્દર્શન વગર પરિત સંસાર થાય જ નહિ. જે મિથ્યાદૃષ્ટિના શુભભાવથી પરિત સંસાર થવાનું મનાવે, તો પછી અંદરના ત્રિકાળી સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન થાય–એ વાત તે લાવ્યો ક્યાંથી? તે તો કોઈકની વાત ચોરી લઈને પોતાના નામ ચડાવી દીધા છે. હવે તો સનાતન વીતરાગી માર્ગની વાત ખુલ્લી રીતે બહાર આવી છે. જેને સત્ય જોઈતું હોય તેણે આ વાત માન્યે છૂટકો છે. (ક્રમશઃ)

—*—

## ચેત....! ચેત....! નર ચેત....!

બે–ચાર કલાક શાસ્ત્રનું વાંચન જોઈએ, એનું શ્રવણ જોઈએ, ચિંતવન જોઈએ. સત સમાગમમાં બે–ચાર કલાક ગાળવા જોઈએ, એ જેને નથી ને વેપાર ધંધાના લોહવાટમાં આખો દિવસ જાય છે એને તો એકલું પાપ છે. એથી તો કહ્યું હતું કે જેઓ પૈસાવાળા છે તેને પૈસાથી મદ થાય છે, મદથી મતિ ભ્રષ્ટ થાય છે, મતિ ભ્રષ્ટથી પાપ કરીને તિર્યંચમાં જાય છે. માંસ દારૂ ખાનારા તો નરકમાં જાય છે પણ જૈનને તો તે હોય નહીં અને વેપાર આદિના લોહવાટના પાપભાવ આડે પુણ્ય-ભાવના પણ જેને ઠેકાણાં નથી એ બધાં ઢોરમાં જવાના છે. પા અડધો કલાક પૂજાદિ કરીને આખો દિવસ પાપના કાર્યોમાં રોકાય એમાં દી શું વળે? હંમેશા બે વખત જમવાનું ને બે વખત ચા જોઈએ તેમ હંમેશા ચાર કલાક વાંચન આદિ કરવું જોઈએ. વાંચન–શ્રવણ–મનન આદિથી આત્માર્થને પોષણ આપવું જોઈએ.

—પૂજ્ય ગુરુદેવશ્રી

## □ પહેલાં દર્શનવિશુદ્ધિ કર! □

હું કારણ હોયા વિના પણ શરીર, વાણી ને મન "કારણવાળા હોવાથી તેઓ પોતાના વડે ખરેખર કરાય છે."

શરીર, વાણી ને મનને આધારભૂત અચેતનદ્રવ્ય છે ને હું તે નથી અર્થાત્ હું અચેતનદ્રવ્ય નથી. તેથી મારા આધાર વિના પણ તેઓ પોતાને ધારી રાખે છે એટલે કે આ શરીરને હું બરાબર સાચવું તો રહે એમ છે જ નહીં. શરીર, વાણી ને મનનું કારણ તો અચેતનદ્રવ્ય છે, તેથી હું કારણ હોયા વિના પણ તેઓ ખરેખર કારણવાળા છે. માટે મારી કાળજીના કારણે શરીર નીરોગ રહે છે કે મારા કારણે ભાષા મધુર બોલાય છે એમ બિલકુલ છે જ નહીં.

અહીં તો એકક્ષેત્રે નજીક રહેલાં શરીર, વાણી ને મનના કર્તા, પ્રેરક કે અનુમોદક પણ તું નથી એ વાત છે, "આત્માના ક્ષેત્રથી દૂર રહેલાં પરદ્રવ્યના કર્તાપણાની વાત તો ક્યાં છે જ ?" પણ જે નજીક રહેલાં છે એવા, શરીર, વાણી ને મન ખરેખર કારણવાળા હોવાથી તેઓ સ્વતંત્રપણે તેમના વડે ખરેખર કરાય છે. હાલવા-ચાલવા-બોલવાદિની ક્રિયા તેના અચેતન દ્રવ્ય વડે ખરેખર કરાય છે, હું કર્તા હોયા વિના પણ તેઓ ખરેખર કરાય છે જ. તે તે સમયે તેના ક્રમબદ્ધમાં જે જે વિવિધ અને વિચિત્ર અવસ્થા થવાની છે તે તેના અચેતનદ્રવ્ય વડે ખરેખર કરાય જ છે, તેથી તેનો હું કર્તા તો નથી પણ તે તે ક્રિયા થાય તેનો હું આયોજક પણ નથી. ધંધાદિના કાર્યનો તો હું આયોજક છું જ નહીં પણ શરીર, વાણી ને મનની જે ક્રિયા થાય તે ક્રિયાનો પણ હું આયોજક નથી. મારી પ્રેરણાથી સત્ય વાણી બોલાય છે તેમ છે જ નહીં.

સ્પષ્ટ, મધુર કે મોટેથી બોલવાની ક્રિયા થાય કે ઝડપથી ધીમેથી ચાલવાની ક્રિયા થાય કે શરીર તંદુરસ્ત થવાની ક્રિયા થાય તેનો કર્તા તો આત્મા છે જ નહીં પણ તે તે ક્રિયા તેના અચેતનદ્રવ્યથી થઈ તે મારી પ્રેરણાથી—મારા આયોજનથી થઈ છે તેમ પણ નથી. એ તો ઠીક, પણ તે ક્રિયા થઈ તેનો અનુમોદન કરનાર પણ હું નથી. ભગવાનના દર્શન-પૂજન-ભક્તિમાં શરીરની જે ક્રિયા થઈ તે ઠીક થઈ—એવો અનુમોદક પણ હું નથી. કેમ કે એ તો અચેતનદ્રવ્ય વડે ખરેખર કરાય જ છે. ભાઈ! શરીર-વાણી ને મનની જે જે ક્રિયા થાય તેનો પ્રેરક કે અનુમોદક તું નથી તું તો તેને જાણનારો જ્ઞાયક પ્રભુ છો.

એકક્ષેત્રમાં રહેલાં શરીર-વાણી ને મનની વિવિધ અને વિચિત્ર પર્યાયો એના કાળે એના જન્મક્ષણે થાય છે, એનો આધાર હું નથી, કર્તા પણ હું નથી, કારણ પણ નથી, પ્રયોજક પણ નથી અને એના કાળે પુદ્ગલથી થતી પર્યાયનો અનુમોદક પણ હું નથી. હું તો તેના કાળે થતી પુદ્ગલ પર્યાયનો જ્ઞાતા જ છું—આવી પહેલી દર્શનવિશુદ્ધિ થવી તે ભવભ્રમણના નાશનું કારણ છે. —પૂજ્ય ગુરુદેવશ્રી

—০—

# આવડતના અભિમાનને રસ્તે ચઢીશ નહીં

[ —પૂજ્ય ગુરુદેવશ્રી ]

ભાઈ! તું ચેતીને રહેજે. મને આવડત છે-એમ આવડતની હૂંફના અભિમાનને રસ્તે ચડીશ નહીં. વિભાવના રસ્તે તો અનાદિનો ચડેલો જ છો. અગિયાર અંગના જ્ઞાનમાં, ધારણામાં તો બધું આવ્યું હતું પણ શાસ્ત્રની ધારણાના જ્ઞાનની અધિકતા કરી પણ આત્માની અધિકતા કરી નહીં. ધારણાજ્ઞાન આદિના અભિમાનથી રોકવા માટે ગુરુ જોઈએ, માથે ટોકનાર ગુરુ જોઈએ. આવડતના અભિમાનથી દુનિયાને રાજી કરે ત્યારે દુનિયા એને મોટો કહે, મોટો માને, એથી એ પોતે પણ પોતાને મોટો માની અભિમાન સેવે, પણ જો માથે ગુરુ હોય તો એ અભિમાન થતાં ટોકીને પાછો વાળે છે. એક તો પોતાની લગામ જોઈએ એટલે કે બહારની આવડત એ સારી ચીજ નથી એમ સમજે-વિચારે ને એનાથી પાછો વળવા પ્રયત્ન કરે અને બીજી ગુરુની લગામ જોઈએ -એટલે કે ગુરુ પણ એ આવડત આદિના અભિમાનથી ટોકીને-રોકીને પાછો વાળે. પ્રભુ! આવડતના અભિમાનથી દૂર રહેવું સારું છે. બહાર પડવાના ભાવથી—બહાર પડવાના પ્રસંગોથી દૂર ભાગવામાં આત્માર્થીને લાભ છે. આવડતના કારણે લોકો માન-સન્માન-સત્કાર કરે પણ એ પ્રસંગોથી આત્માર્થીએ દૂર ભાગવા જેવું છે. એ માન-સન્માનના પ્રસંગો નિઃસાર છે. કાંઈ હિતકર નથી. એક આત્મસ્વભાવ જ સારભૂત ને હિતકારી છે. માટે આવડતના અભિમાનથી દૂર ભાગી આત્મસન્મુખ જ વળવા જેવું છે.

—✱—

[તા. ૧૨-૬-૯૩]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

* અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે.

પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાતઃ જિનેન્દ્ર-દર્શન-પૂજા

સવારે ૮-૧૫ થી ૯-૧૫ : શ્રી સમયસાર પર (૧૯મી વખતનું) પૂજ્ય ગુરુદેવશ્રીનું આધ્યાત્મિક ટેપ-પ્રવચન

સવારે ૯-૩૦ થી ૧૦-૩૦ : પુરુષો માટે બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શ્રી પંચાધ્યાયી ઉપર શિક્ષણવર્ગ

બપોરે ૩-૩૦ થી ૪-૩૦ : શ્રી પ્રવચનસાર ઉપર બ્ર. શ્રી ચંદુભાઈ દ્વારા શાસ્ત્ર-વાંચન

બપોરે ૪-૩૦ થી ૪-૪૫ : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૪૫ થી ૫-૩૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૮-૦૦ થી ૯-૦૦ : પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી કળશટીકા પર આધ્યાત્મિક ટેપ-પ્રવચન

* અષાડ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા તા. ૨૬-૬-૯૩, શનિવારથી તા. ૩-૭-૯૩ શનિવાર—આઠ દિવસ શ્રી નંદીશ્વર-જિનાલયમાં પંચમેરુનન્દીશ્વર-પૂજાવિધાન પૂર્વક ઉજવવામાં આવશે.

* અષાડ વદ-૧, તા. ૪-૭-૯૩, રવિવારના રોજ મહાવીરજિન-તીર્થપ્રવર્તન દિન શ્રી મહાવીર-કુંદકુંદ પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

* પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ૮૦માં વર્ષનો 'રત્નચિંતામણિ-જન્મમહોત્સવ' સુવર્ણપુરીમાં શ્રીમતી સવિતાબેન વ્રજલાલ શાહ-પરિવાર દ્વારા તા. ૨૮-૭-૯૩, બુધવારથી તા. ૪-૮-૯૩ બુધવાર—આઠ દિન સુધી અતિ આનંદોલ્લાસપૂર્વક ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ભક્તજન-આનંદકારી તે મંગલ મહોત્સવની કુમકુમ નિમંત્રણપત્રિકાના આલેખન તેમ જ પ્રેરણાની વિધિ તા. ૪-૭-૯૩, રવિવારના રોજ દિવ્યધ્વનિદિનના મંગલ દિવસે રાખવામાં આવશે. આ મંગલવિધિ પૂજાભક્તિના વિશેષ આયોજનપૂર્વક થશે.

# લંડનમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો ૧૦૪મો જન્મોત્સવ

તેમ જ

# શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિરનું ઉદ્‌ઘાટન

✻ લંડન (U; K.) સ્થિત શ્રી દિગંબર જૈન એસોસિયેશનના અધ્યક્ષ શ્રી લક્ષ્મીચંદભાઈ શાહ પત્ર દ્વારા જણાવે છે કે :—અહીં લંડનમાં મુમુક્ષુમંડળે તેમ જ અન્ય ધર્મપ્રેમી મહાનુભાવોએ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૦૪મો જન્મજયંતી-સમારોહ તા. ૨૩-૪-૯૩ (વૈશાખ સુદ બીજ)ના રોજ ગુરુભક્તિના અતિ ઉત્સાહથી ઉજવ્યો હતો. આ મંગલ અવસરે સ્વાનુભવપ્રધાન અધ્યાત્મવિદ્યાના દાતા પરમ પૂજ્ય ગુરુદેવ પ્રતિ સર્વેના હૃદય ભક્તિ-ઉત્સાહથી ભીંજાઈ ગયા હતા.

આ સમારોહ પ્રસંગે શ્રીમતી લીલાબેન સૌભાગ્યચંદ શાહ દ્વારા ભેટ આપવામાં આવેલ પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના વિશાળ ભવ્ય ચિત્રપટને જોતાં ઉપસ્થિત સર્વેને સાક્ષાત્ ગુરુદર્શન જેવો આનંદ અનુભવાતો હતો.

અધ્યાત્મમૂર્તિ વીતરાગમાર્ગ પ્રકાશક પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સાતિશય ધર્મ-પ્રભાવના-યોગે તેમ જ તેઓશ્રીના પરમભક્ત પૂજ્ય બહેનશ્રીના ધર્મોપકારી-પ્રતાપથી લંડનના શ્રી દિગંબર જૈન એસોસિયેશન દ્વારા નિર્મિત શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિરનું મંગલ ઉદ્‌ઘાટન તા. ૧૬-૫-૯૩ રવિવારના શુભ દિને વયોવૃદ્ધ આત્માર્થી શ્રી ભગવાનજીભાઈ કચરાભાઈ શાહના શુભ હસ્તે મુમુક્ષુઓના અત્યંત-આનંદ-ઉત્સાહમય વાતાવરણમાં થયું હતું. સામુહિકરૂપે સ્વાધ્યાય-ભક્તિ આદિ ધર્માનુષ્ઠાનનું સાધન બનવાથી બધાને ઘણો આનંદ વર્તતો હતો.

તે જ સ્વાધ્યાયમંદિરના ભવનના એક રૂમમાં દિગંબર જિનમંદિર બનાવવાનું આયોજન થઈ રહ્યું છે; લંડન મુમુક્ષુમંડળની ભાવના છે કે જિનમંદિર તેમ જ જિનપ્રતિમાની પ્રતિષ્ઠા શાસ્ત્રોક્ત વિધિથી કરાવવામાં આવે.

—આ રીતે, માર્ગપ્રકાશક અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીના સાતિશય ધર્મ-પ્રભાવના-યોગે લંડન જેવા દૂરવર્તી વિદેશમાં પણ અધ્યાત્મધર્મની પ્રભાવના, ત્યાંના મુમુક્ષુઓની ધર્મભાવનાથી, દિન-પ્રતિદિન વૃદ્ધિગત થઈ રહી છે.

—✻—

## વૈરાગ્ય સમાચાર :—

* અમરેલી નિવાસી ( હાલ સોનગઢ ) શ્રી પુરીબેન શિવલાલભાઈ ગાંધી ( વર્ષ–૯૨ ) તા. ૨૯–૪–૯૩ ના રોજ રાજકોટ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષોથી સોનગઢમાં સ્થાયી રહીને ઘણો જ ધર્મલાભ લીધો હતો.

* વઢવાણ નિવાસી ( હાલ અમદાવાદ ) શ્રી સમતાબેન રતીલાલ હોલકર ( વર્ષ લગભગ) તા. ૩૦–૪–૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષો સોનગઢમાં સ્થાયી રહીને ઘણોજ ધર્મલાભ લીધો હતો. તેઓ સંપ્રદાય વખતથી પૂજ્ય ગુરુદેવશ્રીના ભક્ત હતા.

* મહીદપુરવાળા શ્રી માંગીલાલજી સોગાની ( વર્ષ–૮૩ ) તા. ૨–૫–૯૩ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* ઉદયપુરનિવાસી શ્રી માંગીલાલજી અગ્રવાલ ( સ્યાદ્‌વાદ જ્ઞાનપીઠ સંપાદક ) (વર્ષ–૮૫) તા. ૪–૪–૯૩ સ્વાધ્યાયરતચિત્તે સ્વર્ગવાસ પામ્યા છે.

* રાજકોટનિવાસી સરલાબેન રમેશચંદ્ર ( વર્ષ–૭૭ ) તા. ૩૦–૪–૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વાંકાનેરનિવાસી શાહ કાંતિલાલ ધરમશી ( વર્ષ–૭૧ ) તા. ૩૦–૪–૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વાંકાનેરનિવાસી પારેખ રેવાબેન ખેતશીભાઈ ( વર્ષ–૭૪ ) તા. ૩–૫–૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* બરવાળાનિવાસી ( હાલ મુંબઈ ) શ્રી ચંપાબેન ભાઈચંદ ડગલી ( વર્ષ–૮૩ ) તા. ૨૩–૫–૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સંપ્રદાય વખતથી પૂજ્ય ગુરુદેવશ્રીના ભક્ત હતા. તેમણે સોનગઢ રહીને પૂજ્ય ગુરુદેવ અને પૂજ્ય ભગવતીમાતાના સત્સમાગમનો લાભ દશ વર્ષો સુધી લીધો હતો. છેલ્લા ચાર દિવસની બિમારીમાં હોસ્પિટલમાં ઇન્સેટીવ કેર યુનિટમાં પણ અત્યંત જાગૃતિથી વીરતા પૂર્વક દેહ છોડ્યો હતો.

* વઢવાણનિવાસી ( હાલ મુંબઈ ), પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ, દેવલાલીના ટ્રસ્ટી અને આપણી સંસ્થાના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરાના નાના ભાઈ શ્રી પ્રવિણભાઈ પોપટલાલ વોરાના ધર્મપત્ની જસવંતીબેન ( વર્ષ–૫૮ ) ટૂંકી બિમારી દ્વારા તા. ૩૧–૫–૯૩ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સ્વભાવે મૃદુ, વાત્સલ્યભાવી, તત્ત્વજિજ્ઞાસુ તથા દેવ–ગુરુ પ્રતિ ભક્તિભાવવંત હતા.

—સ્વર્ગસ્થ આત્માઓને વીતરાગ દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે તેમ જ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતા પ્રત્યે અત્યંત ભક્તિભાવ હતો. તેઓ વીતરાગી ધર્મના શરણમાં આત્મોન્નતિ પામો એ જ ભાવના. —×—

અધ્યાત્મવિદ્યાતીર્થ સોનગઢમાં

## * પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ *

અધ્યાત્મવિદ્યાયુગપ્રવર્તક પરમોપકારી પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધનાભૂમિ શ્રી સુવર્ણપુરીમાં, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ૮૦માં વર્ષના 'ચિંતામણિ-જન્મમહોત્સવ'ના મંગલ અવસરે તા. ૨૮-૭-૯૩, બુધવારથી તા. ૧૬-૮-૯૩, સોમવાર સુધી ૨૦ દિવસ અધ્યાત્મવિદ્યાના જિજ્ઞાસુ પ્રૌઢ જૈન (પુરુષ) મહાનુભાવો માટે ધાર્મિક શિક્ષણવર્ગ રાખવામાં આવ્યો છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર નિમંત્રણ છે.

**સૂચના :**—શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક છે. પોતાનું બેડીંગ, આવશ્યક વસ્તુ તથા સમયસાર, મોક્ષમાર્ગપ્રકાશક, જૈનસિદ્ધાંત-પ્રશ્નોત્તરમાળા —પાઠ્ય પુસ્તક—પોતાની પાસે હોય તો અવશ્ય લાવવા.

આવશ્યક સૂચના :–**ગુજરાતી–આત્મધર્મના વાર્ષિક ગ્રાહકોએ જુલાઈ '૯૩ થી જૂન'૯૪ સુધીના નવા વર્ષનું લવાજમ રૂ. ૯-૦૦ અથવા તો પોતાની ભાવિ પેઢીને પણ લાભ મળતો રહે તે માટે આજીવન સભ્ય બનવા રૂ. ૧૦૧-૦૦ "શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪ ૨૫૦, જિલ્લો ભાવનગર" ઉપર તુરત મોકલી આપી વ્યવસ્થામાં સહકાર આપવા વિનંતી.**

—o—

✻ પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના પવિત્ર કરકમળથી પ્રતિષ્ઠિત શ્રી બાહુબલી ભગવાનની વેદી પ્રતિષ્ઠા જલગાંવમાં ત્યાંના શ્રી આદિનાથ દિગમ્બર જિનમંદિરમાં —કે જેની પ્રતિષ્ઠા પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં થયેલ તે જિનમંદિરમાં —વિભિન્ન વિધિવિધાનના આયોજનપૂર્વક તા. ૨૪ થી તા. ૨૬ મે—ત્રણ દિવસ ત્યાંના મુમુક્ષુમંડળ દ્વારા અત્યંત આનંદોલ્લાસ પૂર્વક થઈ હતી.

સુરતનિવાસી શ્રીમતી સવિતાબેન વ્રજલાલ શાહ-પરિવાર દ્વારા ઉજવાનાર
સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૮૦માં વર્ષનો

## 卐 રત્નચિન્તામણિ–જન્મમહોત્સવ 卐

વર્તમાન પંચમકાળમાં અધ્યાત્મયુગનું સર્જન કરનાર અધ્યાત્મ-યુગસ્રષ્ટા વીતરાગમાર્ગપ્રકાશક વીર–કુંદ–કેડાયત કરુણાસિંધુ ગુરુકહાનના સદ્ધર્મોપદેશ વડે સ્વાનુભૂતિ પ્રગટ કરનાર પરમ ભક્ત ધર્મરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેન કે જેમનો પણ આપણા ઉપર અપાર ઉપકાર વર્તે છે તેઓ પ્રત્યેની ઉપકૃતતાભીની ભાવનાને વિશેષ દઢ કરવા માટે તે ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૮૦માં વર્ષની 'રત્નચિંતામણિ જન્મજયંતી' ( શ્રાવણ વદ–૨ ) અધ્યાત્મ–અતિશયક્ષેત્ર શ્રી સુવર્ણપુરીમાં સુરતનિવાસી શ્રીમતી સવિતાબેન વ્રજલાલ શાહ પરિવાર દ્વારા અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવાનાર છે.

આ મંગલ મહોત્સવનું આયોજન તા. ૨૮–૭–૯૩, બુધવાર થી તા. ૪–૮–૯૩, બુધવાર—આઠ દિવસ સુધી ' શ્રી સિદ્ધચક્રમંડલવિધાન પૂજા ', અધ્યાત્મ જ્ઞાનોપાસના અને દેવગુરુભક્તિ આદિ વિભિન્ન રોચક કાર્યક્રમ સહિત અત્યંત ભક્તિ–ઉલ્લાસથી કરવામાં આવ્યું છે. આપણા આદરણીય પંડિતજી શ્રી હિંમતલાલભાઈ જે. શાહની દેવગુરુભક્તિભીની ઉપસ્થિતિમાં ઉજવાનાર આ મંગલ ' રત્નચિંતામણિ–જન્મમહોત્સવ 'માં મંડલવિધાનપૂજા આદિ આયોજન ઉપરાંત પરમ પૂજ્ય ગુરુદેવશ્રીના અધ્યાત્મામૃતભર્યાં ટેપ-પ્રવચનો, પૂજ્ય બહેનશ્રીની વિડિયો–ધર્મચર્ચા, વિદ્વાનોના શાસ્ત્રપ્રવચન, તા. ૨૮–૭–૯૩ થી તા. ૧૬–૮–૯૩—૨૦ દિવસ ચાલનારો ધાર્મિક શિક્ષણવર્ગ આદિ દ્વારા અધ્યાત્મજ્ઞાનાર્જનનો પણ વિશેષ લાભ પ્રાપ્ત થશે. સમાગત મહેમાનો માટે આવાસ ભોજન-વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

સૂચના—શ્રી ' સિદ્ધચક્ર વિધાનપૂજા ' શાંતિજાપ, જિનબિમ્બ–બિરાજમાન, ધર્મધ્વજારોહણ, ઈન્દ્ર-સ્થાપના આદિ વિધિપૂર્વક સમ્પન્ન થશે. તેમાં ઈન્દ્રોની બે શ્રેણી—પહેલી રૂા. ૫૦૦૦ની અને બીજી રૂા. ૨૫૦૧/ની—રાખવામાં આવી છે. જન્મદિને પૂજ્ય બહેનશ્રીને વધાવવાની પણ બે શ્રેણી—રૂા.૧૦૦૦ની તથા રૂા. ૫૦૧ની રાખવામાં આવી છે. વધાવવામાં પહેલી શ્રેણીના ઈન્દ્રો રૂા. ૧૦૦૧ની લાઈનમાં પ્રથમ વધાવશે અને બીજી શ્રેણીના ઈન્દ્રો રૂા. ૫૦૧ની લાઈનમાં પ્રથમ વધાવશે. ત્યાર બાદ બીજા પોતાના ક્રમ-અનુસાર વધાવશે.

—o—

# * ભગવાન કહે છે *

* ભગવાન કહે છે કે ભાઈ! તું પરમ પારિણામિક વસ્તુ છો, તું પૂર્ણ છો. તું તને પામર ન માન. તું વિકારી પર્યાયનો કર્તા નથી, અરે! તું અવિકારી પર્યાયનો પણ કર્તા નથી એમ તને તું માન જેમ પરદ્રવ્યનો તારા સ્વદ્રવ્યમાં અભાવ છે, પરદ્રવ્યનો અંશ તારા સ્વદ્રવ્યમાં આવતો નથી માટે તું પરદ્રવ્યનો અકર્તા છે, તેમ પર્યાયની સત્તા ધ્રુવમાં એકરૂપ થતી નથી, પર્યાયની સત્તા ધ્રુવની સત્તાથી ભિન્ન છે માટે નિર્મળ પર્યાયનો કર્તા સ્વદ્રવ્ય—શુદ્ધ પારિણામિકભાવ નથી.

—અધ્યાત્મયુગસ્રષ્ટા અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી
તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ
પ્રકાશક : શ્રી દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪૨૫૦

If undelivered please return to :–
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ
આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વાર્ષિક લવાજમ : રૂ. ૯/–